સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



જંસેયં તં સમાયરે

વ.ન્ત.

સંપાદક સોમચંદ ડી. શાહ

જુનું વર્ષ ૩ જું; અંક ૩ જો; લવાજમ
નવું વર્ષ ૧ લું; વૈશાખ; ૪-૦-૦

# વિષય દર્શન


| | | | |
|---|---|---|---|
| ભારેલો અગ્નિ | ... | ક૦ | ૫૧ |
| સંપાદકીય | ... | સંપાદક | ૫૨ |
| અસર્વજ્ઞવાદનું ખંડન | ... | પૂ. મુનિરાજશ્રી રવિવિજયજી મ. | ૫૩ |
| ટંકશાળી વચનો | ... | પૂ. આ. વિજયામૃતસૂરિજી મ. | ૫૪ |
| વ્હેતાં વ્હેણો | ... | શ્રી સોમચંદ શાહ | ૫૫ |
| કલદારના જોરે | ... | શ્રી કીર્તિ | ૫૭ |
| પ્રશ્નપદ્ધતિસાર | ... | પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી મ. | ૫૯ |
| મંગલમાર્ગ | ... | શ્રી મફતલાલ સંઘવી | ૬૩ |
| અડપલો અને ડાહ્યો | ... | શ્રી જ્યોતિન્દ્ર દવે | ૬૫ |
| બોધક વાક્યો | ... | પૂ. પં. પ્રવિણવિજયજી મ. | ૬૬ |
| હાનિકારક ખાણાં-પીણાં | ... | શ્રી રેવાશંકર મેઘજી શાસ્ત્રી | ૬૭ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ | ... | પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ. | ૭૦ |
| મહાસાગરનાં મોતી | ... | પૂ. આ. વિજયરામચંદ્રસૂરિજી મ. | ૭૪ |
| રૂપેરી પડદા ઉપર | ... | શ્રી પંકજ | ૭૫ |
| ભોજનનો પ્રભાવ | ... | પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ. | ૭૭ |
| નવાં પુસ્તકો | ... | સંપાદક | ૭૯ |
| જાગતા રહેજો ! | ... | ક૦ | ૮૦ |
| મહેમાનીયત ! | ... | અજ્ઞેય | ટા. પેજ ૩ |
| દ્વિઅર્થી પત્ર | ... | શ્રી નેમ | ટા. પેજ ૪ |


## નવા સભ્યો

| | | |
|---|---|---|
| રૂ. ૧૦૧) | શેઠ ફુલચંદ પુરસોતમદાસ તંબોલી | જામનગર |
| રૂ. ૨૧) | શ્રી દામજીભાઇ પદમશી | દાદર |
| રૂ. ૧૧) | શા સાંકળચંદ હેલાજી ગાંધી | કોલ્હાપુર |
| રૂ. ૧૧) | શેઠ હુકમીચંદ ડોંગાજી રાઠોડ | કોલ્હાપુર |
| રૂ. ૧૧) | શેઠ પોપટલાલ ડાહ્યાભાઈ | લીંચ |
| રૂ. ૧૧) | શેઠ અમૃતલાલ કાળીદાસ | લીંચ |

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः ॥

સંસ્કારવાંચ્છુ જૈનસમાજનું
નૂતન માસિક
વૈશાખ : ૨૦૦૨

| | | |
|---|---|---|
| જુનું વર્ષ ૩ જું : | અંક : ૩ જો | લવાજમ |
| નવું વર્ષ ૧ લું : | વૈશાખ | ૪-૦-૦ |


## ભારેલો અગ્નિ ..................... કo

સમાજની સામાજિક, ધાર્મિક કે સાંસ્કારિક દૃષ્ટિયે વિચારણા કરતાં આપણને સ્હેજે પ્રશ્ન થયા વિના નહિ રહે કે, 'સમાજનો રાહ આજે કઇ દિશાયે ગતિ કરી રહ્યો છે?'

સમાજ–જૈન સમાજનું વાતાવરણ ચોમેરથી આજે ગુંગળાતું રહ્યું છે. અગ્નિની જ્વાળાઓ અંદરથી સળગી રહી છે, પણ આ અગ્નિ હજુ અંદર ધૂંધવાઇ રહ્યો છે, આ કારણે ઉકળાટની કારમી પીડાથી સમાજનો સંતપ્ત આત્મા આજે અકળાઇને શેકાતો રહ્યો છે.

ચાલુ યુગનો એકે એક પ્રશ્ન સમાજના વાતાવરણને સ્પર્શી રહ્યો હોવા છતાં, ચિર સુષુપ્તની જેમ હજુ સમાજ કાંઈ કરવાને જાગૃત થઇ શકતો નથી, એ એક ઘણી કમનસીબ હકીકત છે.

બહારના વર્ગ કરતાં સમાજનો જ પોતાનો ગણાતો વર્ગ, સમાજનું પોતાનું જ લોહી આજે સમાજને ભરખી રહ્યું છે. અંદરનો જ સડો અને અંદરની અંધાધૂંધીની હવાએ આજે સમાજને અરાજક, અવ્યવસ્થિત અને દિગ્મૂઢ જેવી સ્થિતિમાં મૂકી દીધો છે.

આ અવસરે, પેલા વરૂનો પ્રસંગ યાદ આવે છે. એક રાજા જંગલમાં શિકારે નીકળ્યો છે, રસ્તામાં વરૂનો ભેટો થયો. આગળ વરૂ અને પાછળ રાજા, બન્ને ખૂબ દૂર દૂર ચાલી નીકળ્યા. વરૂની સ્હામે રાજાએ બાણ માર્યું. વરૂ નાસી છૂટયું, રાજા થાકયો. લોહી ટપકતે શરીરે વરૂએ દોટ મૂકી. આરામ કરી રાજા તૈયાર થયો. રસ્તે છંટાયેલા પોતાનાજ લોહીના ટીપાની પાછળ રાજા વરૂને પહોંચી વળ્યો ને એને વીંધીને વરૂનો શિકાર રાજાએ કર્યો.

પ્રાણો છોડતી વેળા, વરૂ બોલી ઉઠયું, 'મ્હારૂં લોહી મને ભરખી રહ્યું છે.' સમાજની સ્થિતિ આજે એ રીતે દરેક પ્રશ્નોમાં ગુંચવાઇ રહી છે, તેમાં સાચે સમાજનું પોતાનુંજ લોહી સમાજને ભરખી રહ્યું છે.



# સંપાદકીય

કલ્યાણ, ત્રિમાસિકરૂપે બે વર્ષ સુધી બહાર પડયું. શુભેચ્છકોની લાગણી અને માગણી હતી કે, કલ્યાણ ત્રિમાસિક મટી માસિકનું સ્વરૂપ ધારણ કરે તો સારૂં ! અમારી પણ મહત્વકાંક્ષા તે જાતની હતી, પણ મુશ્કેલી-ભર્યા વાતાવરણમાં અને આર્થિક સંકડામણમાં નિયમીત સંચાલન ચલાવવું ઘણું કઠીન હતું. આજે પણ મુશ્કેલી તો તેટલીજ છે, ઘટી નથી, છતાં કલ્યાણને ત્રીજા વર્ષના શુભ પ્રારંભમાં માસિકરૂપે બહાર પાડવાની જવાબદારી ઉઠાવી છે. જૈન સમાજ જેટલે અંશે સહકાર નોંધાવશે તેટલે અંશે કલ્યાણ પ્રગતિના પંથે વળશે. માસિક બન્યા પછીનો આ ૩ જો અંક છે.

અમારે જે કહેવાજોગું હતું તે આજ સુધીમાં કહેવાઈ ગયું છે, હવે તો અમારા શુભેચ્છક અને સલાહકાર મહાશયોને કેવળ એકજ વિજ્ઞપ્તિ છે કે, કલ્યાણનો પ્રચાર એક છેડાથી બીજા છેડા સુધી થાય અને વર્તમાન વાતાવરણથી ગ્રસિત બનેલી જનતા કલ્યાણદ્વારા સાચા પ્રગતિના રાહને પકડે.

લેખકવર્યોને વિદિત જે, આપના લેખો અમને વહેલામાં વહેલી તકે મળે એ જાતની ગોઠવણ કરવા કૃપા કરશો. કલ્યાણનો અંક મળ્યા પછી તુરતજ બીજો એક લેખ મોકલી આપશો, જેથી અમારા કાર્યમાં અમને અનુકૂળતા રહે.

આપ્તમંડળની યોજના, દરેક અંકમાં આપવાની મુલતવી રાખી, વર્ષમાં બે વખત આપવાની ગોઠવણ રાખી છે. માસિક એટલે ફર્મા ઓછા આપી શકાય અને ઓછા ફર્માંમાં યોજના અડધું ફારમ રોકે એટલે બાકીનું મેટર એટલું ઓછું આપી શકાય. જેમ જેમ નવા સભ્યો થતા જશે તેમ તેમ તેમનાં નામો આગામી અંકમાં પ્રગટ થતાં જશે.

ધાર્યું કોઇનું થતું નથી. અમારૂં ધારવું હતું કે ૩ જો અંક તૈયાર થતા સુધીમાં રજિષ્ટર નંબર આવી જશે પણ તેમ બન્યું નથી. છતાં અંક તો ટાઈમસર બહાર પાડવા કોશીષ કરી છે. રજિષ્ટર નંબર જલ્દિ મળે તેના પ્રયાસમાં છીએ.

સંસ્થા કે વ્યક્તિ તરફથી સાપ્તાહિક, માસિકો કે પાક્ષિકો વગેરે જે પ્રગટ થતાં હોય તે અમને જે મોકલી આપશે તેને અમારા તરફથી પ્રગટ થતું **કલ્યાણ** માસિક મોકલાવવા પ્રબંધ થશે.

પુસ્તક પ્રકાશન સંસ્થાઓ તરફથી જે પુસ્તકો પ્રકાશિત થતાં હોય તે અમને મોકલી આપવાથી સાભાર સ્વીકાર સાથે ટુંક નોંધ લેવા પ્રબંધ કરીશું.

જે ગ્રાહકોનાં સીરનામાની ફેરબદલી થઇ હોય તેઓએ પોતાનું સીરનામું તરત જ જણાવવું. નહિ જણાવવાથી અંક ગેરવલ્લે જવા સંભવ છે. પાછળથી નહિ મળ્યાની ફરીઆદ ઉપર લક્ષ્ય આપી શકાશે નહિ. જે ગ્રાહકોને અંક મળવામાં વિલંબ થયો હોય કે ન મળ્યો હોય તો અંક બહાર પડયા પછી પાંચ દિવસમાં ઓફીસે જાણ કરવી. કલ્યાણ દર મહીનાની પૂર્ણિમાએ બહાર પડશે.

અંતમાં દરેક ગ્રાહક, શુભેચ્છક અને સંસ્કારવાંચ્છુ બંધુઓ, પોતાની શકિત અનુસાર સહકાર નોંધાવશે એવી શ્રદ્ધાપૂર્વક હાલ તો વીરમું છું.

૧૦-૫-૪૬ સોમચંદ શાહનાં
પાલીતાણા. વંદન

# અસર્વજ્ઞવાદ અને તેનું ખંડન:

પૂ. મુનિરાજશ્રી રવિવિજયજી મ૦

જગતના તમામ પદાર્થોનું જ્ઞાન ધરાવનાર સર્વજ્ઞ વ્યક્તિ કોઇ છે જ નહિ, એવું અસર્વજ્ઞવાદીનું મંતવ્ય આપણે જોઈ આવ્યા. હવે તે મંતવ્ય આગમ અને યુક્તિથી અસત્ હોઈ પ્રમાણ પુરસ્સર આપણે વિચારીએ.

ચાર્વાક દર્શનને છોડી જ્ઞાન જેવો પદાર્થ દરેક આસ્તિક દર્શનકારો સ્વીકારે છે. જ્ઞાન પદાર્થને સ્વીકારવા છતાં કેટલાક આસ્તિક દર્શનકારો એને જગતના તમામ પદાર્થોને પણ વિષય કરનારૂં માને છે. જ્યારે કેટલાક આસ્તિક દર્શનકારો તેને વિષયશૂન્ય તેમજ સવિષયક પણ માને છે, પણ સર્વ પદાર્થોને વિષય કરનારા તરીકે સ્વીકારતા નથી. આપણે તો અહીં એ સિદ્ધ કરવું છે કે, જ્ઞાન એ પદાર્થ જેમ જગતમાં અસ્તિત્વ ધરાવે છે તેમ તે આત્માનો અરૂપી ગુણ પણ છે અને જ્યારે સંપૂર્ણ વિકાસને પામે છે ત્યારે એને આવરનારી વસ્તુ ખસી જાય છે તેમજ જગતના તમામ પદાર્થોનું આરિસાની માફક તેમાં પ્રતિબિંબ પણ પડે છે.

**પ્રશ્ન**—સર્વજ્ઞનું જ્ઞાન જો જગતના તમામ પદાર્થોને વિષય કરનારૂં છે તો એવી વ્યક્તિ જગતમાં પ્રત્યક્ષ કેમ નથી ?

**જવાબ**—જ્ઞાન એ અમૂર્ત એવા આત્માનો ગુણ છે. અમૂર્ત વસ્તુના ગુણો પણ અમૂર્ત હોય છે, એ ન્યાયે જ્ઞાન પણ અમૂર્ત પદાર્થ છે. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જેનામાં હોય તે મૂર્ત કહેવાય અને એ જેનામાં ન હોય તે અમૂર્ત કહેવાય. જેમ આકાશ અમૂર્ત હોવાથી તેમાં રહેલા અગુરૂલઘુ, સંયોગાદિ પર્યાયો અમૂર્ત છે, તેમ જ્ઞાન ગુણ પણ અમૂર્ત એવા આત્માનો હોવાથી અમૂત છે. અમૂર્ત વસ્તુ બાહ્ય કોઈપણ ઇંદ્રિયથી પ્રત્યક્ષ થતી નથી. જ્ઞાન જ અમૂર્ત હોવાથી અપ્રત્યક્ષ છે તો પછી એ જ્ઞાન સર્વવિષયક છે કે અસર્વવિષયક છે, એવું બાહ્યઇંદ્રિયોથી જ્ઞાન કેવી રીતે થાય ? અને જ્યારે સર્વવિષયક કે અસર્વવિષયક એવું બીજાનું જ્ઞાન પ્રત્યક્ષ છે તોપછી આ વ્યકિત સર્વ-વિષયક જ્ઞાનવાળા છે, એવું બાહ્ય–ઈંદ્રિયજન્ય પ્રત્યક્ષ કઈ રીતે થાય ? અર્થાત્ ન જ થાય.

ધ્યાનમાં રાખવું જોઇએ કે, જે વસ્તુ માત્ર બાહ્યઈંદ્રિયથી ન દેખાય તે વસ્તુ જ નથી, એમ એકાંતે માનવું એતો ચાર્વાક દર્શનમાં ભળી જવા જેવું છે. પરમાણુને આપણે જોઇ શકતા નથી, એથી એનું રૂપ પણ આપણે ચક્ષુથી જોઈ શકતા નથી પણ એટલા માત્રથી કોઇપણ આસ્તિક એ કહેવાની, સાહસવૃત્તિ કદી નહિ કરે કે, પરમાણુ કે પરમાણુના રૂપ જેવો કોઈ જગતમાં પદાર્થ જ નથી. ટુંકમાં પરમાણુ તેમજ તેનું રૂપ ઇંદ્રિયગોચર નહિ હોવા છતાં જેમ યુકિત સિદ્ધ થવાથી આસ્તિક દર્શનકારો તેને માને છે તેમ સર્વ પદાર્થોને જાણનારૂં જ્ઞાન, બાહ્યઈંદ્રિયથી અપ્રત્યક્ષ હોવા છતાં પણ તેને સિદ્ધ કરવા સચોટ યુકિતઓ મળે તો તેનો સ્વીકાર, વગર આગ્રહે પ્રત્યેક આસ્તિકે કરવો જોઇએ.

સર્વજ્ઞને સિદ્ધ કરનારી યુકિતઓમાંની કેટલીક યુકિતઓ આપણે જોઇએ.

દુનિઆમાં જે જે ગુણો તરતમતાવાળા છે તે ગુણોની અન્ત અવધિ પણ દેખાય છે, સંયોગ નાના પદાર્થોનો નાનો અને મોટા પદાર્થોનો જેમ મોટો, તેમ તેનો અન્ત પણ ધર્માસ્તિ-કાય અને આકાશાસ્તિકાયમાં જઇને અટકે છે. એટલેકે, બે પરમાણુનો સંયોગ જેમ નાનો, બે ઘડાનો એથી મોટો અને ધર્માસ્તિકાય ને

આકાશાસ્તિકાયનો સર્વોત્કૃષ્ટ છે, તેમ જ્ઞાનપણ એકેન્દ્રિય જીવો જેવાકે, વૃક્ષાદિમાં ઓછું, અળશીઆં આદિમાં એથી અધિક તેમજ દેડકામાં એથી વધારે, મનુષ્યોમાં એથી વધારે અને એમાં પણ એનો અંત સર્વજ્ઞમાં જઇને અટકે છે.

જેમ પરમાણુનું પરિમાણ નાનું, ઘડાનું એથી મોટું અને આકાશનું સૌથી મોટું એટલેકે, એનાથી મોટું પરિમાણ કોઇનું નથી તેમ જ્ઞાનમાં પણ મનુષ્યોમાં કોઈમાં ઓછું કોઇમાં વધારે, કોઈ અસાધારણ વિદ્વાન અને તેનો અંત યાવત્ સર્વજ્ઞોમાં જઇને અટકે છે. એટલેકે, સર્વ વિષયનું જ્ઞાન કરનારી જે વ્યક્તિ છે; એજ વ્યક્તિમાં જ્ઞાનનો સર્વોત્કૃષ્ટ પ્રકર્ષ જઇને અટકે છે.

જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જેમ એક ઇંદ્રિયથી એક વિષયનું જ્ઞાન થાય છે; તેમ એક ઇંદ્રિયથી બે વિષયોનું જ્ઞાન પણ થાય. સર્પ ચક્ષુ ઇંદ્રિયથી જેમ રૂપને જુએ છે તેમ તેજ ઇંદ્રિયથી સાંભળી પણ શકે છે. એટલેકે, એકજ ચક્ષુથી રૂપ અને શબ્દ બંને વિષયોને ગ્રહણ કરે છે, ધ્યાનમાં રાખવું કે, સર્પને કાનને બદલે માત્ર ચક્ષુ ઇંદ્રિયજ છે. તે પંચેન્દ્રિ. એટલેકે, ચક્ષુ એજ એને કાન છે, અને કાન એજ એને માટે ચક્ષુ છે, અને એથીજ એને **चक्षुःश्रवाः** પણ કહેવાય છે. **चक्षुः एव श्रवः यस्य सः** ચક્ષુ એજ છે કાન જેને એવો. જ્યારે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ ભેદથી એક ઇંદ્રિયથી બે વિષયનું જ્ઞાન પણ થાય છે તે જ્ઞાનાવરણીયનો આત્યંતિક નાશ થાય અને એથી સર્વ પદાર્થોનું પ્રતિબિંબ જ્ઞાનમાં પડે તો એમાં આશ્ચર્ય શું છે?

## ટંકશાળી વચનો

પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ૦

**આજે** મોટે ભાગે ઘણાઓને પરદેશીઓની ગુલામી ખટકે છે, પરંતુ કર્મરાજાની, મોહરાજાની, કે બુરા એવા વિષયોની ગુલામી કેમ ખટકતી નથી?

દુનિયાદારીની સ્વતંત્રતા માટે આજે દુનિયા જેટલું સહન કરવા તૈયાર છે તેટલુંજ આત્માની સાચી સ્વતંત્રતા માટે સહન કરવા તૈયાર નથી.

જેમ અનાજ અને પાણી સિવાય દુનિયામાં પ્રાણીઓનાં બાહ્યજીવન ટકે નહિ, તેમ ધર્મ સિવાય આત્માનું અભ્યંતર જીવન ટકે નહિ અને માટેજ જીવનમાં સૌથી વધારે ધર્મનીજ જરૂર છે.

**પર**ની ચિન્તામાં આત્માને ભૂલી જવો એ તો જાનૈયાની સરભરામાં વરરાજાને ભૂલી જવા જેવું ગણાય.

**જેમ** મોટરમાં પેટ્રોલ ખૂટી જતાં મોટર બંધ પડી જાય છે, જેમ દીવામાં દીવેલ ખૂટી જતાં દીવો બુઝાઈ જાય છે તેમ પુણ્યરૂપી પેટ્રોલ ખૂટી જતાં ઋદ્ધિસિદ્ધિ આદિનાં સુખરૂપ મોટર બંધ પડી જાય છે યા સુખરૂપ જ્યોત બુઝાઈ જાય છે.

**ચાહે** તેટલી ઉથલપાથલ દુનિયામાં કરો, પરંતુ મરણ બાદ જીવની સાથે પુન્ય અને પાપ સિવાય કંઇજ આવનાર નથી.

# ઇતિહાસ! હોટાં વહેતાં વહેણો

શ્રી સોમચંદ શાહ

ન્યુયોર્ક એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગનું મકાન અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સના ન્યુયોર્ક શહેરમાં આવેલ છે, તેની ઉંચાઇ ૧૨૫૦ ફીટ છે. ૧૦૨ માળ છે. માળ ઉપર જવા માટે પોતાની મેળે ચાલતી ૭૩ લિફ્ટ છે. લિફ્ટ દર મીનીટે ૧૨૦૦ ફીટ ઉંચે જઈ શકે છે. આ મકાનમાં લગભગ ૮૦૦૦૦ માણસો રહી શકે છે. ૫૦–૫૭ માળના મકાનની હકીકત તો અમે એક વખત આપી હતી. ૧૦૨ માળનું મકાન એક જાતની અજાયબી છે. મુંબઈમાં પણ ૧૦૦ માળનું મકાન બંધાવવા એક કમ્પની તૈયારીમાં છે.

બૉયકોટનો અર્થ "તેની સાથેના સમ્બંધનો ત્યાગ" એ શબ્દ ક્યાંથી અને કેવી રીતે ઉતરી આવ્યો તે આપણને જાણવા મળે છે. બોયકોટ શબ્દની ઉત્પત્તિ આયર્લેંડમાંથી થઇ હતી. કેપ્ટન બોયકોટ નામના ઘરના માલિક સાથે તેની પડોશના લોકોએ વેપારી તથા સામાજિક સંબંધ રાખવાની ના પાડી હતી. આ ઉપરથી તે શબ્દનો પ્રચાર અને ઉપયોગ થવા લાગ્યો.

સરેરાશ ૧૪૦ રતલના વજનના માણસના શરીરમાં એટલું પાણી હોય છે કે, જેનાથી દશ ગેલનનું પીપ ભરાઈ શકે, સાબુની દસ ગોટીમાં જોઇએ તેટલી ચરબી હોય છે. ૯૦૦૦ સીસાપેન બને તેટલો કાર્બન હોય છે. ૧૦૦૦ દીવાસળીનાં ટોપકાં બને તેટલો ફોસ્ફરસ હોય છે. સાધારણ કદનો ખીલો બને તેટલું લોઢું હોય છે અને ચાંચડના ટોળાંને ઉડાડી શકાય તેટલો ગંધક હોય છે.

યુરોપમાં સીનેમાની સંખ્યા ૩૩૮૭૦ ની છે. જર્મનીમાં તે સંખ્યા ૫૨૬૭ ની છે અને તેમાં ૧૮૭૬૦૦૦ પ્રેક્ષકો માટે સગવડ છે. રશિયામાં ૫૨૦૦ સીનેમા છે અને ૫૨૦૦૦૦૦ પ્રેક્ષકોની સગવડ છે, અને હિંદમાં લગભગ ૧૫૦૦ સીનેમાગૃહો છે. આ બધાં સીનેમાગૃહોથી અને તેમાં બતાવાતાં ચિત્રપટોથી સમાજને શું લાભ–હાનિ થઇ તેનો સરવાળો બાદબાકી કરવાની જરૂર છે.

લાંબામાં લાંબી મુછવાળો લાઠીનો રહિશ આહિર દેશુર અર્જુન ડાંગર હતો. તેની મુછો ૯૬ ઇંચ લાંબી હતી એટલે તેની મુછો પગના અંગુઠા સુધી પહોંચતી હતી. તેને તેની મુછોનું બહુમાન હતું. આજે તો જમાનો એવો આવ્યો છે કે, નહિ રાખવામાં ગૌરવ સમજે છે.

બ્રિટીશ પ્રજાના દાંત એટલા ખરાબ છે કે, ૧૬ થી ૧૯ વર્ષના છોકરાઓમાં પણ સેંકડે ૧૨ જણને બનાવટી દાંતનાં ચોકઠાં રાખવા પડે છે. આર્ય પ્રજાના દાંતમાં પણ સડો પેઠો છે.

આફ્રીકાનો એક સિંહ આજે હોલીવુડમાં છે. તેની અઢાર વર્ષની ઉંમર છે અને તેને પોતાની કમાણીમાંથી ૧૩૦૦૦૦ સેવીંગ્સ બેંકમાં મૂકયા છે. એક દિવસ કામ કરવાના બદલામાં તેને રૂા. ૩૦૦ મળે છે. માનવ કરતાં પશુઓ પગારમાં પણ ચઢીઆતા છે.

ઈ. સ. ૧૯૧૪ ના યુદ્ધ ખર્ચના આંકડાઓ કરતાં પણ બીજા વિશ્વયુદ્ધના ખર્ચના આંકડાઓ દીલને કંપાવે તેવા છે. દેશોનો કુલ ખર્ચ ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦ થયો છે ત્યારે માણસોની ખૂવારી ૫૫૦૦૦૦૦૦ થઈ છે. ખરેખર યુદ્ધનો જય મોંઘો પડી જાય તેવો છે.

વિ. સં. ૧૯૧૩–૧૪–૧૫ એ ત્રણ સાલ એકધારો દુષ્કાળ હિંદ ઉપર ઉતરી પડયો હતો, માનવીનાં જીવન ભયમાં હતાં. રાજા–મહારાજા

પણ પ્રજાનું રક્ષણ કરવા અસમર્થ હતા, તે અવસરે જગડુશાહે ગુરૂદેવની કૃપાથી સમસ્ત પ્રજાને અન્નના ભંડારો વડે ઉગારી લીધી હતી. તે દુષ્કાળમાં જગડુશાહે ૬૨૧૦૦૦૦ મણ અનાજ જુદા જુદા દેશમાં પહોંચતું કર્યું હતું. ૧૧૫ દાનશાળાઓ ખૂલ્લી મૂકી હતી. ધન્ય છે તેવા અમર મહાપુરૂષોને !

જે આજે આપણા ઘરોમાંથી એલ્યુમિનીયમ ધાતુનાં વાસણોનું સ્થાન લોપ થયું છે, તે એલ્યુમિનીયમ ધાતુમાંથી રહેવાનું ઘર, વસ્ત્રાલંકાર અને રાચરચીલું બનાવવાંની વૈજ્ઞાનિકો તૈયારી કરી રહ્યા છે. થોડાં વર્ષો બાદ તે મૂર્તરૂપ પામશે. જગત પરિવર્તનશીલ છે, તેમાં જે ન બને તેટલું ઓછું છે.

મગધપતિ શ્રેણિકની પછી મગધની ગાદીએ આવેલા શ્રેણિક–અજાતશત્રુ અને વિદેહપતિ ચેટક રાજા વચ્ચે ખેલાએલા ભયંકર યુદ્ધમાં ૧૮૦૦૦૦૦૦ સૈનિકોનો સંહાર થયેલો. પૂર્વના કાળમાં પણ યુદ્ધની ભયંકરતાઓ અને યાતનાઓ તો તેટલીજ હતી પણ નિર્દોષ અને નિરપરાધિ માનવોને મુશ્કેલીઓ ઓછી ખમવી પડતી હતી.

પંદરમી સદીમાં વિજયનગર રાજ્ય પાસે ૧૧૦૦૦૦૦ પાયદળ, ૧૯૦૦૦૦ ઘોડેસ્વાર અને ૧૦૦૦ હાથીઓનું સૈન્ય હતું. અણુબોંબ જેવા ભયંકર શસ્ત્રોની સજાવટ તે વખતે નહતી.

માતર તાલુકાના ચિત્રાસર ગામ નજિક સાબરમતી નદીમાં વહેંતીયા જળ માનવીઓ દેખા દે છે તે પ્રકારની હકીકત અખબારોમાં એક વખત પ્રગટ થઈ હતી. વહેંતીયા જળ માનવીઓ બેટમાં બેસી માછલીઓનો આહાર કરતા હતાં, તે જાતનું દૃશ્ય જોવાને માટે મોટી મેદની નદીના કાંઠે એકઠી થઈ હતી. આ પણ કળીયુગની ભયંકરતા અને બલિહારી છે.

ચાંપાનેર જૈનોની જાહોજલાલી એક વખતે અભૂત હતી. તે જૈનોએ એક ઠરાવ કરેલો કે, "ચાંપાનેરમાં જે વીશ હજાર જૈનોનાં ઘર છે તે દરેક ઘેરથી એકેક સોનૈયો અને એકઈંટ નવા રહેવા આવનાર જૈનને આપવી." આ ઠરાવ સુંદર છે. દેનારને ભારે ન પડે અને લેનાર માલેતુજાર બની જાય આનું નામ સાધર્મિક બન્ધુભાવ !

દેવલોક અને મનુષ્યલોકમાં સોળ લાખ વર્ષોથી સેવાતી, પૂજાતી પ્રતિમા કળિકાળમાં જાગતી જ્યોત પેઠે શ્રી અજાર ( અજપુર ) ગામે પ્રતિષ્ઠિત છે. તે અજાહરા પાર્શ્વનાથના મંદિરમાં સાડાનવસો વર્ષ પૂર્વેનો, સં. ૧૦૧૪ ની સાલનો પૂરાણો એક જબરજસ્ત ઘંટ છે.

સાઈક્લોટ્રોનનો એક ઉપયોગ તે કેન્સર અને હાડકાના દર્દો મટાડવા માટેની શોધખોળમાં એની જે સહાય મળે છે તે સાઇક્લોટ્રોનનાં પ્રચંડ અને વિનાશક કિરણો ૧૨૦૦૦૦૦૦ વોલ્ટની શકિત ધરાવે છે. જૈન સિદ્ધાંતે તો કિરણોના પરમાણુઓની શક્તિ અનંત જણાવી છે.

જર્મનોએ જલાઉ લાકડામાંથી ખાવાનું અનાજ તૈયાર કરવાની એક અજબ શોધ કરી હતી. જર્મનો દર મહીને લાકડામાંથી ૪૪૮૦૦ મણ અનાજ તૈયાર કરતા હતા. તેનાથી ૧૭ લાખ લોકોનો નિર્વાહ થતો હતો, તેની શોધ ફ્રેડરિચ કાર્લ રૂડોલ્ફ બરગુઇસ નામના વિજ્ઞાનવેત્તાએ કરી હતી. લાકડાને સારીરીતે કેળવીને હાઇડ્રોક્લોરિક એસિડની મદદથી તેમાંથી 'યીસ્ટ' જેવો પદાર્થ તૈયાર કરવામાં આવે છે ને તેમાંથી પૌંવા જેવી ખાદ્યવસ્તુ નિર્માણ થાય છે.

રૅડર, ( વિદ્યુતનેત્ર ) વિમાનો, જહાજો, સબમરીનો અને સમુદ્રમાંથી ખેંચાઇ આવતા બરફના ડુંગર વગેરે ચોક્કસ કયા સ્થળે છે, તેનું અમુક જ્ઞાન આ રૅડર આપે છે.

# કલદારના જોરે

શ્રી કીર્તિ

**પાત્રોઃ—શેઠજી, સુમન, પ્રવીણ અને સુરેન્દ્ર**

**સુમન**—પધારો ! શેઠ સાહેબ પધારો ! જયજિનેન્દ્ર શેઠજી ! આજે ચિંતાતુર કેમ જણાઓ છો ? કેમ કાંઈ પનોતી બનોતી બેઠી છે કે શું ?

**શેઠજી**—અરે ભાઈ ! શું કહું કથની મારી; ઘરમાં સ્ત્રી નથી એ જ મોટી ચિંતા છે. શું કરૂં પૈસા ઘણાય છે, છતે પૈસે રીબાઉં છું.

**પ્રવિણ**—શેઠ સાહેબ ! તમારી ભાવના શી છે ?

**શેઠજી**—પરણવાની, વળી બીજી શી ?

**સુમન**—અધ....ધ....ધ....તમે શું કહો છો ? કાકા, પરણવું છે ? વાહરેવાહ ! અરે શેઠજી ! હવે તો મોટી ઉમ્મર થઇ, ઘરડા થયા !

**પ્રવિણ**—પણ કાકા ! તમને તે વળી આટલી ઉમ્મરે કોણ પરણાવશે ?

**શેઠજી**—અરે ગાંડા ! પૈસા, પાંચપચીસ હજાર ધરીશું એટલે ઘણાય હૈયાકુટયા મળશે. અસાધ્યમાં અસાધ્ય કાર્ય પૈસાથી થાય. **सर्वे गुणा कांञ्चनमाश्रयन्ते** માટે ભાઇ તું ચિંતા ન કરીશ. સાંભળ ! આ અહીંથી ચાલ્યો ! એકાદ દલાલ ખોળીને સોળ વર્ષની નાર પરણી, ઘોડે ચઢીને આવું છું.

**સુમન**—પણ શેઠજી ! તમારી દાઢી, મુંછને માથાના વાળ તો રૂની પુણી જેવા થઈ ગયા છે, લાકડીના સહારે ચાલવું પડે છે, દાંત પડી ગયા છે, ને શરીરમાં કરચલીઓ પડી ગઈ છે, આંખે અંધારાં આવે છે આવા મુડદા જેવા ૬૦ વર્ષના બુઢાને તે વળી કયો હૈયાકુટયો પોતાની છોકરી આપી, છોકરીનો ભવ બગાડશે ?

**શેઠજી**—અરે તમે બધા નાદાન છો ! નાદાન !! વાળ ધોળા છે એને કાળા કરતાં કેટલીવાર ? વિજ્ઞાન આવિષ્કારનો આ જમાનો છે. ઘરડાને જવાન બનતાં વાર નહિ, જો સાંભળ ! મકરધ્વજની માત્રાઓ ખાઇને શરીર લષ્ટપુષ્ટ લાલચોળ બુંદી જેવું કરીશ ! ધોળા વાળ પર કાળી ભમ્મર જેવી કલરો લગાવીશ, દાંતનું ફર્સ્ટકલાસ ચોકઠું બનાવીશ, સોનેરી ફ્રેમના હાઇકિલાસ ચશ્મા ચઢાવીશ પછી જોઈ લેજે મારો રોફ ! જાણે અપ્ટુડેટ નવજવાન જ જોઈ લ્યો ! અને પૈસાની કોથળી ધરી દઇશ, બોલ હવે સ્ત્રી મળવી મુશ્કેલ છે ? અરે ગાંડા ! સામો છોકરીનો બાપ આપવા આવશે, આપવા, માટે મારા મહેરબાન તમે ચિંતા કરી સૂકાઈ ન જાવ ! હું તો સોળ વર્ષની કન્યા પરણી જીંદગીનો લ્હાવો લઇશ.

**સુમન**—ત્યારે કાકા ! ભગવાનનું ભજન કયારે કરશો ? શું પથારીમાં પડશો ત્યારે, છેલ્લા શ્વાસ વખતે.

**શેઠજી**—અરે તમે તો ભોળાના ભોળા જ છો ! ભગવાન તો મારા ઘટમાં છે. માનવજીવનમાં આવી લાડી વાડી ને ગાડીની મોજ મૂકી સ્વર્ગનાં જેવું સુખ મળ્યું પછી કયો મૂરખો અવસર ચૂકે. વારંવાર કયાં મનુષ્યદેહ મળે છે. આનંદ કરો આનંદ ! અને વેવલી વાતોને જવાદો !

**સુમન**—અલ્યા પ્રવિણ ! શેઠની તો બુદ્ધિ જ મારી ગઈ લાગે છે.

**પ્રવિણ**—હા ભાઈ ! કહેવત છેને ! "સાઠે બુદ્ધિ નાઠી" શેઠની પણ આજ દશા થઈ છે.

બિચારા વિષય વિકારમાં ઉચ્ચ જીવનને ધૂળધાણી કરી નાખે છે. અત્યારે આ ડોસાને

નહિં સૂઝે,. એમની ધૂન પરણવાની છે. પણ જ્યારે લાકડા ભેગા થશે ત્યારે ખબર પડશે ! કે, હું તો ખાલી હાથે ચાલ્યો જાઉં છું પણ સ્ત્રી મારૂં રક્ષણ નહિં કરે, ધન માલ અહિં પડી રહેશે, મારી બૂરી ગતી થશે આખી જીંદગી બરબાદ કરી, હવે શું થશે ? એમ હાયહાય કરીને આ ડોસાને રોવું પડશે ! ત્યારે ભાન ઠેકાણે આવશે ! અત્યારે તો બેભાન બની ગયો છે. છેવટની અણીએ શું થવાનું છે. પલકમાં પ્રાણ ચાલ્યા જશે. સમજે તો આપણે સમજાવીએ. આપણી ફરજ છે કે, સન્નમાર્ગે વાળવા.

**સુમન**–ભાઇ ! લોભજ અંનર્થો કરાવે છે. દુનિયામાં એવાય લોભીઆ પડયા છે કે, ઘેર છોકરી જન્મે તો ખુશી થાય ! લક્ષ્મી આવી, પાંચ, પચ્ચાસ હજાર પાકયા. ખુશીખુશી થઇ જાય. પણ બાપડાને ખબર ન પડે કે, આ નીચ ધંધો મને કઇ ગતિમાં પટકશે ? છોકરીને વેચી એના પૈસા લઇ ઘરના સોનાના નળીયાં થોડાં જ થવાનાં છે ! ધિક્કાર છે ! ફિટકાર છે ! ! આવા અધમ કૃત્ય આચરનાર માનવીઓને ! ! !

**સુરેન્દ્ર**–[સૌને ઉદ્દેશીને] બિચારી નાની નાની બાળાઓનો ભવ માતા પિતા પૈસાને લોભે બગાડે છે લોભથી ૬૦ વર્ષની મોટી ઉમ્મરના માણસોને નાની નાની કન્યાઓ આપે, પછી શું થાય ? બાળપણમાં રંડાપો કે બીજું કાંઇ ? પછી એ બાળ વિધવા ખરાબ રસ્તે ચઢે, કુકર્મ કરે, જ્યારે ઘરમાં આવું પાપ ઘુસે ત્યારે માબાપ ઝુરે, રડે ને ગભરાય અરે પૈસાને લોભે ઘરમાં દુરાચાર ઘાલ્યો. પણ પછી રડે શું વળે ? પહેલેથી સમજીને આવા કજોડાં ન કરે તો પાપાચાર ન સેવાય ને પાછળથી પસ્તાવું પણ ન પડે અનીતિનો પૈસો ઘરમાં સળગતો ઘાસનો પૂળો ઘાલવા બરાબર છે. ઘાસમાં દિવાસળી લગાવે એટલે ભડકો તો એકવાર જોરનો થાય, અજવાળું અજવાળું પણ થાય કેટલી વારને માટે ? ક્ષણ પછી શું રાખ કે બીજું કાંઇ. પણ મ્હારા સાહેબ ? લોભી માબાપને કયાંથી ખબર પડે ? એ લોકો તો એમ સમજે કે, દુનિયા ભલે બકે પણ આપણે તો આપણું કામ ધપાવે રાખવું. ભલે પરલોક બગડે પણ પૈસા યેન–કેન પ્રકારે મેળવવા જ. વર્તમાનકાળની જ માત્ર ટુંકી દૃષ્ટિ રાખનારા છે. ભવિષ્યને ભૂલનારા એ મૂઢજનો અકારૂં, નિર્દય કર્મ કરે છે.

**સુમન**–પ્રિયમિત્રો ! પરંતુ આ ડોસો પણ જબરો નિકળ્યો જ્યારે ધર્મ કરવાનો અવસર સાંપડયો ! સુંદર તક મળી. ત્યારે લગ્ન કરવાના કોડ થયા. ધોળા વાળ જ એમ સૂચન કરે છે કે, જુવાનીમાં ઉન્મત્ત બની ઘણાંય કાળાં કૃત્યો કર્યાં હવે તો ધોળાં કામ કરી જીંદગી સુધારો ! ત્યારે બુદ્ધિહીન માનવો ધોળા વાળને પણ કલરો લગાવી કાળા કરવા–ચાહે છે ! ત્યારે આપણે કહેવું પડે છે કે, “ધોળામાં ધૂળ પડી” અરે શેઠજી ! સમજો હવે તો કામરાજાએ તમારા ઉપર નોટીસ આપી છે કે, ચેતી જાવ, હું તૈયાર થઈને તમને ઉચકી જવા આવું છું.

[ કાકા સમજી જાય છે અને સૌ મિત્રો આનંદભર ઘર ભણી જાય છે ]

## વિક્રમના ૧૨ મા શતકના અતિપ્રાચીન પ્રશ્નોત્તર ગ્રંથનો સાર

# પ્રશ્નપદ્ધતિસાર:

મૂળકર્તા, પં. શ્રી હરિશ્ચન્દ્ર ગણિવર

[ ગતાંકથી ઉત્તરાર્ધ ]

સારલેખક, પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી મ.

આ પ્રશ્નોત્તર સારના લેખક પૂ. મુનિરાજશ્રી અમને લખી જણાવે છે કે, 'શબ્દાનુવાદ કે ભાષાનુવાદની શૈલી ન રાખતાં પશ્નપદ્ધતિ ગ્રંથના આધારે તેનો ટૂંક સાર આ છ પ્રશ્નોત્તર શૈલીએ લખ્યો છે. જેથી સાક્ષીના શાસ્ત્રપાઠો કે બીજું વિવેચન બાજૂએ રાખી સરળ ભાષામાં પ્રસ્તુત ગ્રંથનો સાર આ પ્રશ્નોત્તરોમાં જાળવી રાખ્યો છે. વિશેષ જિજ્ઞાસુઓએ મૂળ ગ્રન્થ જોવો, તેમજ આમાં કાંઈપણ સ્ખલના જેવું જણાય તો સરળ ભાવે સૂચવવું.' આ પ્રશ્નપદ્ધતિ નામના ગ્રંથનો ટૂંક સાર આ અંકે પૂર્ણ થાય છે. વિદ્વાન લેખક મહાશયો, આવા ઉપયોગી ગ્રંથોનું ભાષાંતર મોકલી આપશે એવી આશા રાખીએ છીએ. **સં.**

**પ્ર૦** ચંદ્રાવતી નગરીના રહિસ પોરવાડ ગોત્રીય સાગરચંદ્ર નામના શ્રાવકે કરેલો પ્રશ્ન; કે ગુરૂના મુખથી મેં સાંભળ્યું છે કે, ૧૪૪૦ પ્રકરણ શ્રી હરિભદ્રસૂરિએ કર્યાં છે તો નહિં સાંભળેલાં ચાર પ્રકરણ ક્યાં?

ઉ૦ ભો–ભવ્ય–વર પુંડરીક! "**संसार दावानल दाहनीरं**" ઇત્યાદિ ચાર ગાથા સબંધિનાં ચાર પ્રકરણ જાણવાં. તેમના (આચાર્ય મહારાજના) ઉપકારને લક્ષીને તે (ગાથાઓની) વૃત્તિને પણ મેં કરી છે.

**પ્ર૦** શ્રી વીર ભગવાનના સાધુની સંખ્યા ચઉદ હજારની કેવી રીતે?

ઉ૦ ભગવાને પોતાના હાથે જેઓને દીક્ષા આપેલી તેની સંખ્યા ચઉદ હજારની; પરન્તુ શિષ્ય, પ્રશિષ્યોની સાધુ સંખ્યા તો જૂદી જ છે. જેમ ચક્રવર્તીની સેનાના પ્રમાણમાં અશ્વ, હાથી વગેરેને ચોરાશી ચોરાશી લક્ષ પ્રમાણ જણાવ્યું. તો ભરતના સવા ક્રોડ પુત્રો છે તેઓનો એકએક અશ્વ ગણે તોપણ સવા ક્રોડ ઘોડા જ થાય માટે ચક્રવર્તીના પોતાના જ ચોરાશી લાખ ઘોડા વગેરે ગણવા. પુત્ર પૌત્રાદિના જૂદા; તેવીરીતે પોતાના હાથે દીક્ષા આપેલી સંખ્યાનું પ્રમાણ; પણ શિષ્ય-પ્રશિષ્યના સાધુઓ તેમાં નથી એમ સમજવું.

**પ્ર૦** પાંચ પતિને સેવવા છતાં દ્રૌપદિનું સતિપણું કેવીરીતે?

ઉ૦ પરપુરૂષના સંસર્ગને વ્યભિચાર કહેવાય છે પણ આ પરપુરૂષો નથી, વળી પૂર્વભવમાં નિદાન કરવાના યોગે બાંધેલું કર્મ તે કર્મના ઉદયયોગે આ દ્રૌપદિએ સ્વયંવર મંડપમાં એકના ગળામાં વરમાળા નાંખી છતાં પણ તે વખતે લોકોએ પાંચે પાંડવના કંઠમાં વરમાળા નાંખેલી જોઇ અને તેથી તે વખતે "દ્રૌપદિના પાંચ પતિઓ થયા." એ રીતે આખી સ્વયંવર મંડપની સભાએ જણાવ્યું, આથી તેના સતિપણામાં કાંઈ ખામી આવતી નથી.

**પ્ર૦** શ્રી વીર ભગવાનને વિષે ભક્તિથી ભરેલા હૃદયવાળા શ્રી શ્રેણિક મહારાજા નરકે કેમ ગયા?

ઉ૦ સમકિતની પ્રાપ્તિ પહેલાં શિકારમાં

ગર્ભિણી હરણીને બાણથી હણતાં પોતાના બળના અભિમાનમાં આયુષ્યનો બંધ કરેલો હોવાથી નરકમાં ઉત્પન્ન થયા. પરન્તુ ભક્તિના ફળથી તો જિનનામકર્મ બાંધ્યું છે.

**પ્ર૦** અઠ્ઠમના તપ કરનાર સાધુને કાંજીનું પાણી કલ્પે છે તો તે કાંજીક દ્રવ્ય શું છે?

ઉ૦ અત્યંત ઉનાજળમાં વડાંને નાંખીને લવણ આદિથી સંસ્કાર કરે છે તે પાણી ઠંડુ થયે, વડુ નાંખેલું હોય પણ તે ખાવાને યોગ્ય થયું હોય અને તે લવણાદિથી સંસ્કાર વિનાનું હોય; મુનિઓને ઉનું જળ બીજું ન મળતું હોય તો તે જળ લેવું કલ્પે, વડાને અંગે ભ્રમ ન રાખવો. ઉપવાસવાળા યતિને ત્રણ ઉપવાસ સુધી ખાનકાંદિ આગારો કહેલા છે તે પછી તો એકજ એકલું ઉનું જળજ કલ્પે અને તે પણ કહેલી વિધિ પ્રમાણેનું ઉનું જળજ કલ્પે.

**પ્ર૦** ઈરિયાવહિ–કરતી વખતે શ્રાવકે ઉત્તરાસંગ ન રાખવું તેમાં શું પ્રયોજન?

ઉ૦ વિનયની ખાતર ઉત્તરાસંગ રાખવાનું છે. અને ઈરિયાવહિ તો પ્રાયશ્ચિતના અંગીકાર કરવારૂપ છે તેથી તે વખતે ઉત્તરાસંગની જરૂર નથી. પ્રાયશ્ચિત અતિઉદાસીન ઉદાસવાળામુખથી અંગીકાર કરવાનું છે તેથી ઇરિયાવહિ અવસરે ઉત્તરાસંગની પ્રવૃત્તિ નથી.

**પ્ર૦** પુરૂષ અને સ્ત્રીને કેટલાં દ્વારો શ્રવે છે?

ઉ૦ બે નેત્ર, બે કાન, બે નાસિકા, ૧ મુખ ૧ ગુદા અને મૂત્રનું દ્વાર. એ રીતે પુરૂષનાં નવદ્વારો અને સ્ત્રીયોનાં કુચયુગલ અને પ્રસૃતિદ્વાર મળી બાર ઝરે છે. (શ્રવે છે)

**પ્ર૦** ગર્ભમાં રહેલો જીવ શું આહાર કરે છે?

ઉ૦ ગર્ભમાં જ્યાંસુધી પીંડવૃદ્ધિને નથી પામ્યો ત્યાંસુધી તો કડાઈમાં રહેલી પુરી જેમ તેલને પીયે છે તેમજ આહાર કરે અને જ્યારે નાભિમાં સ્થાન થાય છે ત્યારે માતાના કમલ સ્થાનમાંથી એક નાડી થાય છે અને પુત્રની નાભીમાંથી સાથે એક થાય છે એટલે માતાની નાડી પુત્રના નાભી પ્રદેશમાં લાગે છે. પુત્રની નાડી માતાના કમલને સ્પર્શે છે આથી માતા જે આહાર કરે છે તેના રસને તે ઉપરોક્ત બન્ને નાડીદ્વારા ગર્ભમાં રહેલો જીવ ગ્રહણ કરે છે પણ તે ગર્ભમાં કવલનો આહાર કરતો નથી.

**પ્ર૦** શાંસનદેવીઓ પરિગૃહીતા કે અપરિગૃહીતા?

ઉ૦ કેટલીક પરિગૃહીતા અને કેટલીક અપરિગૃહીતા સમજવી.

**પ્ર૦** જીવોને રોગની ઉત્પતિ કેમ થાય છે? [રામદેવ બ્રાહ્મણે કરેલો પ્રશ્ન]

ઉ૦ વાત, પીત્ત અને કફ આ ત્રણની જ્યાંસુધી સમાનતા હોય ત્યાંસુધી રોગની ઉત્પતિ ન થાય અને જ્યારે આ ત્રણમાંથી એકની પણ વિષમતા થાય એટલે એકની હાની બીજાની વૃદ્ધિ; ત્યારે રોગની વૃદ્ધિ થાય છે.

**પ્ર૦** નારકી જીવો શામાટે યુદ્ધ કરે છે? સ્વસ્થ થઈને પોતાના આયુષ્યનો કાળ કેમ પૂરો કરતા નથી?

ઉ૦ ત્યાં ગતિનો સ્વભાવજ એવો છે "**कोह बहुला नेरइआ**" નારકીના જીવો ક્રોધ બહુલ હોય છે એ સૂત્રથી સમજવું.

**પ્ર૦.** "**जय जय नंदा**" **जय जय भद्दा**" આ શબ્દોમાં "પુનરુક્તિદોષ" કેમ નહિ?

ઉ૦ મારાગુરૂ મહારાજે **શ્રી ભગવતી**-સૂત્રની ટીકામાં જણાવ્યું છે કે, "**वक्ता हर्षभयादिभि राक्षिप्तमनाः स्तुवंस्तथा निन्दन् यत्पदमसकृद्‌ब्रूते, तत्पुनरुक्तं न दोषाय ॥ १ ॥** બોલ-

નાર હર્ષ અગર ભયથી વિક્ષેપ પામેલા મનવાલો સ્તુતિ અગર નિન્દા કરતો જે શબ્દને વારંવાર બોલે છે ત્યાં પુનરૂક્તદોષ નથી. જય જય શબ્દ પુનરૂક્ત જ છે છતાં પણ ઉપરોક્ત ગાથાથી આમ બોલવામાં દોષ નથી.

પ્ર૦ ભાષ્યકારે [ શ્રી જિનભદ્રગણિક્ષમાક્ષમણ ] કહ્યું છે કે, " **सव्वट्ठसिद्धे जहन्नेणं बत्तीसं सागरोवमाइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं** એ રીતે શાથી ?

ઉ૦ આને અંગે તત્ત્વાર્થવૃત્તિમાં ટીકાકાર શ્રીએ કહ્યું છે કે, ભાષ્યકારનું ઉપરોક્ત કથન બરોબર સમજાતું નથી કારણકે, સૂત્રમાં તો "**अजहन्नमणुक्कोसं तेत्तीसं सागरोवमाइं सवट्ठसिद्धे परमाउ**" આ પ્રમાણે જણાવ્યું છે આથી ભાષ્યકારે કયા વિચારથી ઉપરોકત કથન કરેલું હશે, તે મારાથી સમજાતું નથી.

પ્ર૦ સૂક્ષ્મસંપરાયગુણઠાણે દર્શનના ઉપયોગનો કેમ નિષેધ કર્યો ?

ઉ૦ તે ગુણઠાણાનો સ્વભાવ જાણવો.

પ્ર૦ જિનેશ્વરદેવો ગૃહસ્થપણામાં રહેલા ભોગોને ભોગવે છે, તેથી કર્મમેલથી લેપાય છે કે નહિ ? જો લેપાય છે તેમ કહે છે તો તીર્થંકરો થઈને શામાટે કર્મબંધનના કારણભૂત એવા ભોગોને ભોગવે છે ? તેથી એમણે સમ્યક્ત્વનું મૂળ બાળી નાંખ્યું. આમ કહેનારને શો જવાબ આપવો ?

ઉ૦ શ્રી તીર્થંકર દેવો આ રીતે ભોગો ભોગવી ઉદયમાં આવેલાં કર્મોને ભોગવવાદ્વારા નિર્જરા કરે છે. આમ જવાબ આપવો, શ્રી ઠાણાંગસૂત્રની વૃત્તિમાં આ હકીકત વિસ્તારથી જણાવી છે.

પ્ર૦ " **अणुग्गए सूरिए** " એ રીતે નિશિથ સૂત્રમાં કહ્યું છે તે કેવીરીતે ? કારણકે, ઠલા માત્રાને રાખી મૂકવાથી બે ઘડી માત્રમાં જીવોની ઉત્પત્તિ થાય છે અને સૂર્ય ઉદય પહેલાં પરઠવવામાં ઉપરોકત સૂત્રે દોષ આવે છે અને રોકવાથી શરીરમાં રોગો થાય છે, તો શું કરવું ?

ઉ૦ '**इति न बोध्यं**' જે પ્રદેશમાં સૂર્યનાં કિરણો ન આવતાં હોય ત્યાં ન પરઠવવું એ રીતે અનુદ્દગતનો ભાવાર્થ જાણવો. તેની પંજીકામાં કહ્યું છે કે, જે ઠેકાણે સૂર્યનાં કિરણો ન પડતાં હોય તે અનુદ્દગતસ્થાનમ્ એટલે તે અયોગ્ય સ્થાન છે ત્યાં ન પરઠવવું.

પ્ર૦ છેદાઈને છુટું પડેલું પુરૂષનું મસ્તક કેવી રીતે ચાલે ?

ઉ૦ જ્યાં સુધી જીવપ્રદેશો તેમાં હોય ત્યાં સુધી ચાલે અને જેમાં ઘણા પ્રદેશો હોય તેમાં થોડા પ્રદેશોની ગતિ હોય આ ન્યાયે જ્યાં ઘણા પ્રદેશ હોય ત્યાં થોડા પ્રદેશો ખેંચાઈ જાય.

પ્ર૦ મુનિઓને પ્રમાદ કરવાનો નિષેધ તો નિદ્રાનો શામાટે આદેશ આપ્યો ?

ઉ૦ નિદ્રા અને પ્રમાદમાં ભેદ છે, નિદ્રા દર્શનાવરણીયકર્મના ઉદયથી અને તેપણ સંયમના આધારભૂત અન્નની જેમ છે અને પ્રમાદ તો મોહનીય કર્મના ઉદયથી સંયમને અસાર કરનાર છે " **समयं गोयमा मा पमायए** " એ રીતે પ્રમાદ, સંયમમાં નિષિદ્ધ છે. **तईय मिहं मोक्खं तु**" એ વાકયથી સંયમને માટે ઉપકારક હોવાથી નિદ્રાનો આદેશ આપ્યો છે.

પ્ર૦ મિથ્યાદષ્ટિને કયાં સુધી ભણવાનો ક્ષયોપશમ હોય ?

ઉ૦ કાંઈક ન્યુન દશપૂર્વ સુધી તે ભણી શકે છે.

પ્ર૦ શાસ્ત્રમાં વિષ ખાવાથી બાલમરણ કહ્યું છે તો પછી શ્રી ધર્મરૂચિમુનિએ શાથી ભક્ષણ કર્યું ?

ઉ૦ શ્રી ધર્મરૂચિ મહર્ષિએ જે કર્યું છે તે બાલમરણ નથી. કારણકે, એક બિન્દુના પડવાથી જીવ વિરાધના જોઈ તેથી સંયમની રક્ષા માટે અને જીવોની વિરાધનાથી બચવા માટે પોતે જ તે કડવા તુંબડાને ખાઈ ગયા છે.

પ્ર૦ મતિશ્રુતજ્ઞાનને નંદિસૂત્રમાં પ્રત્યક્ષપણું શાથી કહ્યું છે?

ઉ૦ ત્યાં વ્યવહારથી પ્રત્યક્ષ હોવાથી કહ્યું છે. પણ પરમાર્થથી નથી કહ્યું.

પ્ર૦ દ્રવ્યસ્તવમાં જીવહિંસા છે તો નિર્યુક્તિકારશ્રીએ શામાટે "**विरयाविरयाण एस खलुजुतो**" એ રીતે તેનો ઉપદેશ આપ્યો?

ઉ૦ દ્રવ્યસ્તવભાવની શુદ્ધિદ્વારા કૂપ, દ્રષ્ટાન્તથી ગૃહસ્થને કર્મનિર્જરાનું કારણ છે આથી તેઓએ બરોબર જ કહ્યું છે.

પ્ર૦ સ્પર્શઇન્દ્રિય અને કાયબલ એ બન્નેમાં શું ફેર છે?

ઉ૦ મન, વચન અને કાયબળ એ ત્રણ ઔદયીકભાવના, ત્યારે ઇન્દ્રિયો ક્ષયોપશમભાવથી છે.

પ્ર૦ જૈમનીયદર્શનનો [મીમાંસકદર્શન] દેવ કોણ?

ઉ૦ તેઓને કોઈપણ ઠેકાણે દેવબુદ્ધિ નથી તે લોકો અપૌરૂષેય વેદ અધ્યયનને મુક્તિનું કારણ માને છે.

પ્ર૦ નાસ્તિકોને આધાર કોણ છે?

ઉ૦ કોઈપણ નથી. કેવળ ખાવું–પીવું, પાંચે ઇન્દ્રિઓના વિષયો ભોગવવા એજ તેઓનું આત્મતત્ત્વ છે.

પ્ર૦ સામાયિકમાં રહેલો શ્રાવક સાધુવન્દનને માટે જાય કે ન જાય?

ઉ૦ ઇરિયાસમિતિપૂર્વક સાધુની જેમ જો જાય તો તે રીત વંદન માટે યોગ્ય છે નહિતો ન જાય. આ બાબત **આવશ્યક** બૃહદ્વૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિજીએ વિસ્તારપૂર્વક કહ્યું છે તે મુજબ સ્હમજવું.

પ્ર૦ વર્ધમાનવિદ્યાના કેટલા અક્ષર અને તે કયા કયા?

ઉ૦ સ્વર અને વ્યંજન જુદાગણતાં ૧૩૮ અક્ષરો થાય છે અને સ્વર વ્યંજન એકઠા કરેલા તો ગુરૂની પરંપરાથી આ રીતે સમજવા.

**ॐ नमो भगवओ अरहओ सिज्झउ मे भगवई महाज्जावीरे महावीरे जयवीरे सेणवीरे अद्ववीरे वद्धमाणवीरे जयंते अपराजिए स्वाहा"**

પ્ર૦ સૂરિમંન્ત્રે કેટલા અક્ષરો અને કેટલા પદો છે?

ઉ૦ પાંચ પદો, ૨૫૨ અક્ષરો જાણવા.

પ્ર૦ મુનિઓને પડલા રાખવામાં શું પ્રયોજન છે?

ઉ૦ ત્રસઆદિજીવોની રક્ષા માટે.

પ્ર૦ સઘળા મતોને હરાવીને જૈનદર્શન નિશ્ચલતાથી કેમ રહ્યું છે?

ઉ૦ જૈનદર્શનમાં નયવાદ છે. એક એક નયવાદના જોરથી અન્ય સર્વ દર્શનો હારી જાય છે. અને પોતે સાત નયમય હોવાથી જીતે છે. તે કારણથી શ્રી **શીલાંગસૂરિએ** આ આચારાંગસૂત્રની વૃત્તિમાં મંગલાચરણમાં શ્રી જૈનશાસનની સ્તુતિ કરતાં આમ કહ્યું છે કે. "**अपास्त तिर्थकं विहितैकैक तीथ नयवाद समूह वशात् प्रतिष्ठितमिति.** આ સ્તુતિ કરી છે.

**उत्तरार्ध्धम् समाप्तम्**

# મંગલમાર્ગ

શ્રી મફતલાલ સંઘવી

અવકાશના અણુએ અણુમાં ચમકતુ સત્યનું તેજ માનવ સંઘના કલ્યાણનું અમૃત છે. તેના પાન કાજે મન મોકળું અને ઉરદ્વાર ઉઘાડાં રાખવાં જોઇએ. ઉઘાડાં ઉરદ્વારને જે પળે 'વિશ્વ' એક 'આનંદ ભુવન' જેવું જ વંચાશે, તે પળે સત્યનાં અમૃતનો પ્રવાહ અસ્ખલિત પણે વહેતો થશે; માનવસંઘ એક પાટલે જમતો થશે; જર, જમીનના ઝઘડા નાબૂદ થશે. ઊંચે, નીચે ને સઘળે સ્થળે જ્યાં જ્યાં માનવ પ્રાણીનો નિવાસ છે, ત્યાં ત્યાં શુભાશુભ આશયોની સેંકડો સૈકાઓ જૂની છાવણીઓ નંખાયેલી પડી છે તે છાવણીઓનું અસ્તિત્વ, માનવકુલની સંસ્કૃતિના નિરભ્ર ગગનમાં મમત્વનાં વિષઘેરાં તોફાન જગવે છે. માનવસંઘનો આશય એકજ હોય, બાણમાંથી છૂટેલાં તીરની અદાએ લક્ષ્યને પામવું. પરંતુ જ્યારે જ્યારે માનવકુલના મુત્સદ્દીઓ પોતાની મેલી મુત્સદ્દીગીરી અજમાવવાની ધમાલમાં પડી જાય છે, ત્યારે તેમને સંસ્કૃતિના સુભવ્ય વિમલતમ સ્રોતાના વળાંકની દિશાની સ્મૃતિ રહેતી નથી અને પરિણામે એવાઓને હાથે શુભને નામે માનવસમુદાયનું પદ્ધતિસરનું અશુભ થઈ જાય છે.

જે સ્થળે ને જે આસને આપણું અસ્તિત્વ હોય, તે સ્થળને તે આસન સાથે એ પ્રકારનો સંબંધ રાખવો જોઇએ કે, જેના પરિણામ સ્વરૂપ વિશ્વસંઘ સાથેના આપણા ગાઢ સંપર્કને લેશ પણ બાધા ન આવે અને વિશ્વતન્ત્રમાં આપણે નામે લેશ પણ અશુભ નોંધાવા ન પામે. દૃષ્ટિભેદ અને કદાગ્રહનું સાચું સ્વરૂપ સમજતાં એમ જણાય છે કે, માનવી પોતે વખત પર પોતાનો ગુલામ બનીને જ પોતાના હિતશત્રુનું કામ આદરી બેસે છે; કારણ કે જ્યારે અન્યને પારકો સમજી તે તેની સાથે તે પ્રકારનું વર્તન રાખતો થાય છે, ત્યારે તે પારકો પણ તેની સાથે તેથી ઉચ્ચ પ્રકારનું વર્તન રાખી શકતો નથી અને આખરે ભેદભાવના નકશા ચીતરાવા શરૂ થાય છે. પોતાનો હોય કે પારકો, બાળ હોય કે યુવાન, નર હોય કે નારી, પશુ હોય કે તિર્યંચ; પણ તે પ્રત્યેકની સાથે એવી રીતે વર્તવું જોઇએ કે, તેમને જરા પણ ભિન્નતા ન જણાય તેમ તે આપણી વધુ સમીપવર્તી બની, તેમનું અંતર આપણી કને ઠાલવવાને લાયક બની શકે અને વિશ્વમાં સપ્રમાણ સમરૂપતાનું મંડાણ થાય.

આકાશ, પૃથ્વી કે પાણીના જે જે પ્રદેશોમાં આપણે જઇએ અથવા તે તે પ્રદેશોમાં ગમે તે શુભ ઉદ્દેશપૂર્વક ગયા હોઇએ, છતાં ત્યાં પણ આપણે માનવતાને ભૂલવી ન જ જોઇએ. તે તે પ્રદેશના પરમાણુઓ સુદ્ધાંને આપણી અલૌકિક માનવતાની અસર પહોંચાડવી જોઈએ જ. માનવતા એટલે સંયમ અને સત્ય, નીતિ અને સદાચાર, શૌર્ય અને શાન્તિ. જે નરના કંઠમાં આ સદ્‌ગુણ-પુષ્પોની માળા મહેકતી હોય તે પુરુષ તે સાચો માનવી, અન્ય સકલ તે, વિશ્વનું કલ્યાણ પલ્લું અસમતોલ બનાવતા જીવો.

વિશ્વનું મંગલ એટલે પ્રાણીમાત્રને અભયનું દાન, માલિકી હક્કનો મંગલ શિરચ્છેદ, મમત્વના ગુલાબી ધ્વજદંડનું ઉન્મૂલન. આ શુભ કાર્યોમાં યથાશક્તિ ભાગ લેવા માટે શરૂઆતમાં સહન કરવું પડે, પણ પરિણામે આનંદની અમૃત-પૂર્ણિમાનાં દર્શન થાય. માનવી બન્યા સિવાય આ સંસારે માનવી તરીકેનું

જીવન વ્યતિત કરવાનો દાવો કરવો તે પણ મશ્કરી જેવું જ ગણાય.

જ્યાં જ્યાં નજર ઠરે છે, ત્યાં ત્યાં હાસ્ય અને રુદનનાં સમ્મિશ્રિત સ્વરૂપો ગોચર થાય છે. આને માટે જેટલી લોકોની જવાબદારી છે, એથી વિશેષ માનવકુલના મોવડીઓ તરીકે પૂજાતા માનવો કારણરૂપ છે.

શાંતિના સ્નેહસિન્ધુને તીરે કાંકરા એકઠા કરવાની જે મઝા આવે છે, તેથી એકશતાંશ આનંદ પણ કલુષિત વાતાવરણના ઉચ્ચ પ્રકારના વૈભવો વચ્ચે જીવતાં પણ આવી શકે તેમ નથી. કારણ કે ત્યાં અભયના જળની ઉર્મિઓ તરતી હોય છે, જ્યારે અહીં મારામારી (શારીરિક, માનસિક કે બૌદ્ધિક) વચ્ચે જીવવાનું હોય છે. માનવી એના જીવનની પળેપળનો સદુપયોગ કરવાના ખોટાં બહાનાં નીચે જીવનનાં અપ્રતિમ સત્યોનું લીલામ કરીને દુનિયાની બજારમાં એક નામાંકિત નરકેસરી તરીકે જીવવાનાં વલખાં મારે છે; સંસારમાં સાચા નરકેસરી તરીકે જેને જીવવું હોય, તે આ રીતે નહિ, પરન્તુ માનવ હ્રદયનાં ગૂઢતમ ભાવોના સૂક્ષ્મ અભ્યાસ સાથે તેમને સહેવી પડતી અમાનુષિ યાતનાઓ બદલ સંસારના બજારમાં ઝુંબેશ ઉઠાવે છે.

જીવનને શાંતિ બક્ષતાં, સીધાં સાદાં જીવન સૂત્રોને નસેનસમાં ઉતાર્યા સિવાય સાચી શાંતિ કે વિશ્વકલ્યાણની વાતો ત્યાંજ અટકી જશે. પરની ભલાઈ–બૂરાઈ વિચારવામાં આપણા જીવનનો ½ ભાગ વ્યતિત થાય છે; બાકીનામાંથી કેટલોક સમય ખોવા–કમાવામાં વહી જાય છે. બાકીનામાંથી અમુક કાળ નિદ્રામાં વ્યતિત થાય છે. એક દિવસના ચોવીસ કલાકમાંથી માંડ અર્ધો કલાક આત્મહિત ચિંતન માટે મળે છે, જો તેટલા સમયનો પણ યોગ્ય આદરપૂર્વક ઉપયોગ થાય તો પણ વિશ્વના હિતનું સક્રિય આંદોલન સવેળા જાગૃત થાય. વાતો કરવી છે ભલાઈની, પણ અંતરમાંથી બૂરાઈનાં બીજ નાબૂદ થતાં નથી; પરન્તુ ભલું કરવા જતાં, પોતાનું ભલું પણ કરી શકાતું નથી! કાળ વહી જશે, મનની મુરાદો મનમાંજ શમી જશે. મળેલા માનવ જીવનનો લાભ ઉઠાવવા માટે સવેળા જાગૃત થવું જોઈએ.

જાગૃતિ એટલે પ્રમાદનો ત્યાગ. પ્રમાદ તે કહેવાય કે જે આપણને પરનાં અને આપણાં આત્મોન્નતિના કાર્યમાંથી વારે; આત્મોન્નતિ એ તેજ કે, જેની આછી ઉષ્મા-પ્રભા વડે અન્યના અંધારાં આંગણે અજવાળું પાથરી શકાય. ઐહિક ઉપભોગની પાછળ ખર્ચાતો સમય કાળ ખાઈ જશે. આ જીવન વડે એવું થવું જોઈએ કે, કાળ પણ ન ખાઈ શકે. ●

કલા, સાહિત્ય ને સંગીત: આત્માની અબોલ ઉર્મિને વાચા આપતાં આ ત્રણ વિશ્વ-વ્યાપી બળોનાં સાત્ત્વિક સર્જનમાં વિશ્વમંગલનું કાર્ય પણ નાનુંસૂનું બની જશે. આપણી આંખો જેમ જેમ કલાની કવિતા પીતી થશે, આપણું અંતર જેમ સાહિત્યની પીંછી વડે એનો મેલ ખોતું થશે અને આપણી કર્ણેન્દ્રિય જેમ જેમ અમૃતમય તત્ત્વોની અમૃત–પ્રસાદી ચાખતી થશે, તેમ તેમ આપણું પ્રત્યેક જીવન કર્તવ્ય એકબીજાની નજર સામે, લેશ પણ મનઃમેલ સિવાય કરતાં, આપણે અચકાશું નહિ, અને ધીમે ધીમે આંતરિક એકતા વધવા પામશે. આંતરિક ઐક્યના ઉદય સાથે આખાયે માનવ સંઘનું આંતરિક ઝરણ એકજ મૂળમાંથી નીકળી એકજ અનંતને દરવાજે વહેતું થશે અને પ્રાણી માત્રના કલ્યાણનું મહાપર્વ આપણે આ આંગણે

ઉજવાશે. ભાવિનાં શુભની આશા પ્રત્યેક માનવ પ્રાણીને હોય છે; પરંતુ તે આશાનાં અનુપમ દૃશ્યનાં દર્શન કાજે માનવીએ પહેલેથી તૈયારી કરવી પડે. તે સિવાય તેની તમામ આશાઓ નિરાશાના ગર્ભમાંજ સમાઇ જાય. આપણી આસપાસ તરતાં સુખદુઃખનાં પ્રેરક દૃશ્યોને કલાની લિપિમાં કોરીને, માનવસંઘને એવો ખ્યાલ આપવો જોઇયે કે, સુખદુઃખ કે ઉભયમાંથી એકેય ચીરંજીવી નથી. ચીરંજીવી છે આપણી આનંદપર્વણીનું પરમ મંદિર; માંગલ્યકારી સ્નેહનું પોષણ એજ એક એવું અનંતજીવી તત્ત્વ છે, કે જેની પ્રતિભા સદા એક સરખી પ્રાણુવન્તી અને પવિત્ર રહી શકે છે. સ્નેહના પોષણ કાજે આત્માના આરેથી સમભાવની બંસરીના સૂર કલુષિત વાતાવરણની મધ્યે જીવતા માનવસમુદાયનાં અંતરે રેલાવવાં જોઇએ. ધારી અસર નીપજાવવાનું જે બળ આત્માના અચળ પ્રવાહમાંથી વહેતા સંગીત સૂરમાં છે.

જે પાંચ ઇન્દ્રિયો માનવી માત્રને મળી છે, તેના ઉપર સ્વામિત્વ હક્કો સ્થાપ્યા બાદ માનવી સાચો માનવ બની શકે. બાકી ઇન્દ્રિય જય સિવાય સાચી જીત મળતીજ નથી. આંખોને અસાર દર્શનમાંથી સાર દર્શનમાં રમવાની તાલીમ અપાય, કાનને અમૃત–કાવ્ય શ્રવણની શિક્ષા મળે, જીભને સત્યોચ્ચારનું ઔષધ પીવરાવાય, નાકને સત્ત્વની સુગંધનો અભ્યાસ મળે અને ત્વચાને ઉષ્ણુ–શીતથી પર બનવાનું ભાન કરાવી શકાય, ત્યારેજ "સર્વમંગલ"નો આપણો પહેલો પાઠ પૂરો થાય, સર્વના મંગલની આપણી સાત્ત્વિક ભાવનાનો વિજય થાય.

## અડપલો અને ડાહ્યો

'શ્રી જયોતિન્દ્ર દવે

એક અડપલો છોકરો જીવો જેનું નામ,
અતિશે કરતો અડપલાં જઈ બેસે જે ઠામ.
વહેલો ઊઠે ના કદી, સૂએ વહેલો વીર,
ઊઠી રમવા દોડતો જાણે છૂટયું તીર.
પંદરવીસ લઇ આવતો બાળક રમવા ઘેર,
શીશા પ્યાલા કાચનાં ભાંગે સારી પેર.
શાળામાં શીખે નહિ, ગુરુને દેતો ગાળ,
માબાપે આશા મૂકી, ના સુધરે આ બાળ.
"ઓ ઇશ્વર, ભજીએ તને મોટું છે તુજ નામ,
શિક્ષક માંદા પાડ તું, થાય અમારાં કામ.
શિક્ષક ઠોઠ બધાય છે; શીખવે એ શી પેર?"
શાળા બદલી બારચૌદ આવ્યો પાછો ઘેર.
વાતવાતમાં બોલતો જુઠાં વેણ અનેક,
ગુરુએ માબાપે કહ્યું, 'વહી જાશે આ છેક.'
લુંટી નાના બાળને હૈયે એ હરખાય,
ડોળા કાઢી દીનને ધમકાવી મલકાય.

ડાહ્યો શાણો છોકરો ડાહ્યો જેનું નામ,
શાન્ત થઈ બેસી રહે જઇ બેસે જે ઠામ.
બાળક મિત્રો આવતા, રમવા એની પાસ,
રમત ભૂલવી તેમને, શીખવે 'લેસન' ખાસ.
ગુરુને દેવ સમા ગણી પૂજતો તેના પાય,
શાળામાંથી નીકળી, ઘેર પાંસરો જાય.
કદી ન જુઠું બોલતો, મુખથી દે ના ગાળ,
આવ્યો અવનિ પર ફરી, હરિશ્ચંદ્ર કલિકાળ.
વિદ્યા પારંગત થયો, 'ડીગ્રી' વિધવિધ લીધ,
શિક્ષક ને માબાપને સંતોષ્યા સૌ વિધ.
"નામ કાઢશે છોકરો, થશે સન્ત મહન્ત"
ગુરુએ માબાપે કહ્યું "વરશે કીર્તિ અનન્ત."
ન્યાય, દયા ને સત્યનો અણનમ ભક્ત અડોલ,
દંભ પ્રપંચે સહે નહિ, ખમે ન એકે પોલ.
ફરતા સૂર્ય શશી અને, ફરતી ખલ્ક હંમેશ,
પણ એના સિદ્ધાંત તે, ફરે ન કદી યે લેશ.

# બોધક વાકયો:

પૂ. પં. પ્રવિણવિજયજી મહારાજ

Nobody likes critism, every body's shilling is worth 13 d stinging critism even if it is justified spoils human relations.

કોઇને પણ પોતાની ટીકા પસંદ આવતી નથી. દરેકને પોતાની વસ્તુ હોય તેના કરતાં વધુ કીંમતવાળી માલમ પડે છે. સાચી પણ કડકટીકા મનુષ્યોના સંબંધમાં ખલેલ પહોંચાડે છે.

The height by great men reached and kept were not attained by sudden flight but they while their companions slept were toiling forward in the night.

મોટાં માણસોએ જે મોટાઇ પ્રાપ્ત કરી અને સાચવી રાખી, તેમાં તેમનો પ્રયત્ન કારણભૂત હતો. માત્ર સહેજ સ્વભાવે અગર વિના મુશ્કીબતે ઉચ્ચપદ પ્રાપ્ત થઈ શકે જ નહિ. જ્યારે તેમના સોબતીઓ ઉંઘતા હોય છે, ત્યારે મહાન્ બનવાની ઇચ્છાવાળા પુરૂષો આગળ વધવા માટે સારી રાત પ્રયત્ન કરી રહ્યા હોય છે. અઘોરીની માફક આખી રાત ઉંઘવાવાળા કાંઈ આગળ વધી શકતા નથી.

The whole science of the life is to avoid sowing the seeds ofr egret.

દુઃખના વૃક્ષને ઉત્પન્ન કરનાર પાપરૂપ બીજ હોય છે. માટે પાપની ખેતીને તીલાંજલી આપવી એજ જીંદગીમાં પ્રાપ્ત કરવા લાયક પદાર્થ વિજ્ઞાન છે.

One angry moment often does we repent for years, it makes wrong never make right by sorrow or tears.

એક ક્રોધીપળ ઘણી વખત વર્ષો સુધી પશ્ચાતાપ કરવો પડે એવી કાર્યવાહી કરે છે. તે ક્રોધીક્ષણ એવું નુકશાન કરે છે કે, જેને આપણે શોક કરવાથી અગર આંસુ સારવાથી પણ સુધારી શકતા નથી.

United we stand divided we fall.

જ્યાં સંગઠન છે ત્યાં પતનનો ભય નથી. જ્યાં ભાગલા પડયા છે ત્યાં પતન થયું સમજો.

A man is a creature of Cricumstances but a religious man in the lord of himself and a master of Circumstances.

મનુષ્ય એ સંજોગોનો કીડો છે. પરન્તુ ધર્મિષ્ઠ મનુષ્ય પોતાનો માલિક છે અને સંજોગોનો શેઠ છે.

When a misfortune befalls you, do not find fault with the person who is apparent agent. Scrutinize your own conduct and perhaps you will find your self responsible for the same.

જ્યારે તમો દુઃખી થાઓ ત્યારે દુઃખ આપવામાં જે નિમિત્ત માત્ર થાય છે તેને ગુન્હેગાર ગણશો નહિ. તમો તમારાં પૂર્વકૃત આચરણોને તપાસશો તો માલુમ પડશે કે, આ કમનશીબી માટે તમો પોતેજ જોખમદાર છો.

Never smile on other people's faults, your own faults may be a huge joke to others.

કોઈની ભૂલ તરફ તમો હસો નહિ કારણ કે તમારી ભૂલો ( સ્ખલના ) પણ બીજા માટે વધુ હાસ્યને પાત્ર હશે.

# આપણી જ કુટેવોથી થતા રોગોનો ફેલાવો અને એનાથી જ આપણો નાશઃ

# હાનિકારક ખાણાં–પીણાં;

શાસ્ત્રી રેવાશંકર મેઘજી દેલવાડાકર.

આજે સર્વત્ર કૃત્રિમતા અને નાસ્તિકતા વધતી જાય છે. આપણને ઘી જેવો પૌષ્ટિક પદાર્થ પણ અપવિત્ર વસ્તુમિશ્રિત ખાવા મળે છે. દૂધ પણ આરાલોટ કે પાવડર ભેળવેલું મળે છે, એવીજ રીતે પાણી, મધ, કેસર વગેરે અસંખ્ય વસ્તુમાં ભેળસેળ થયેલ હોય છે તેના ખોરાકથી લાભને બદલે હાનિ થાય છે.

અગાઉ એક દૈનિક બંગાલી પત્રમાં છપાયું હતું કે 'કલકત્તાના એક ડોકટરે પોતાના મિત્ર જોડે બરફવાળું જળ પીવાને માટે બરફ મંગાવી તેને તોડતાં તેની અંદરથી મરેલ 'ગોજર' (ગુજરાતી અર્થની ખબર નથી તેથી તેજ શબ્દ રાખ્યો છે) નીકળ્યું હતું 'ઈંડિયન મેડિકલ ગેઝેટ' માં કોઈ એક ડોકટરે કેટલાક વર્ષ પૂર્વે લખ્યું હતું કે, 'જેને ટાઈફૉઇડ તાવ આવે છે તેના મૂત્રમાં એ રોગના મોટા પ્રમાણમાં વિષ–કીટાણુઓ હોય છે. આપણે ત્યાંના અનેક લોકો સોડાવૉટરની ખાલી બાટલીમાં રોગીનું મૂત્ર લાવીને ડોકટરને બતાવ્યા કરે છે અને તે બાટલી ઘણીવાર સીધી કારખાનામાં પહોંચે છે. અને તે આપણને પીવા મળે છે અને આ રીતે પણ ટાઇફોડનો ફેલાવો થાય છે.

સારા દૂધમાં કેટલાકો ગંદા તલાવ, વાવ, કુવા વગેરેના પાણી કે ગમે તે ઢોરનાં દૂધ નાખે છે, અને આવાં સસ્તાં દૂધ ખાવાથી તથા તેમાંથી બનાવેલી કુલફી, આઇસ્ક્રીમ વિગેરે ખાવાથી અનેક તાવ વગેરે રોગ ફેલાય છે. ઘણીવાર રસ્તામાં સૂકવવા પાથરેલ લાકડાના વેર ઉપર બીજાની કે આપણી વિષ્ટા, મુત્ર, થૂંક વિગેરે અપવિત્ર વસ્તુથી ખરડાયેલા પગ કે જોડાની લાતોથી તે ખુંદાય છે અને તેજ વેરમાં ઘણા દુકાનદારો આપણને બરફ આપે છે તેથી પણ રોગ આપણામાં ફેલાય છે.

ચાહની મોટી મોટી અનેક દુકાનોમાં તથા અંગ્રેજી હોટલોમાં એકવાર વાપરેલી ચાહની પત્તિને એક ખૂણામાં એકઠી કરવામાં આવે છે. અને સસ્તી ચાહ વેચનારા અનેક દુકાનદારો આનો ઉપયોગ કરે છે. ઘણાંએ હોટલ અને ચાહની દુકાનોમાં વાસણો ધોવાનાં પાણીની કોઈ દિવસ તમો જો તપાસ કરશો તો જણાશે કે, ઘણું કરીને એકજ બાલદીમાં કે વાસણમાં પાણી ભર્યું હોય છે અને તેમાં જ હરેક લોકોનાં એઠાં બધાંય વાસણો આખો દિવસ બોળી-બોળી ધોયા કરે છે. કોઈ કોઇ "પવિત્ર મનાવાતાં હિન્દુ ભોજનાલય" માં કોઇ એક "પવિત્ર" સજ્જનની પાતલ પર ખાતાં બચેલું મિષ્ટાન વગેરે અન્ન ઉઠાવી લઇને તેજ અન્ન તે પછી જમવા આવેલ બીજા "પવિત્ર" સજ્જનને પીરસવામાં આવે છે, મોટે ભાગે હોટલોમાં સેંકડો જાતના લોકો અનેક જાતના રોગોવાળા આવે છે અને તેઓના મોઢે અડકાડેલા

---

**Biggest room in the word is the room for self improvement**

**દુનિયામાં સુધારવા લાયક કોઈ મોટું સ્થાન હોય તો તમારી પોતાની જાત છે. તમો પોતે સુધરી બીજાને સુધારવાનો પ્રયત્ન કરશો તો તે સફળ થશે.**

**I will speak ill of no man and speak all the good I know of every-body.**

**હું કોઈનું બુરૂં બોલીશ નહિ. જેના સદ્ગુણો હું જાણું છું તેને માટે હું સારૂં બોલીશ. (ગુણોનો પ્રકાશ કરો અને અવગુણોને ઢાંકો).**

**Nothing is good or bad but thinking make it so.**

**કોઇ વસ્તુ સારી અગર ખરાબ નથી. પણ તમારી માન્યતા તેમ મનાવવા પ્રેરે છે.**

એ જ ગ્લાસ બીજા લોકો મોઢે લગાડીને પીએ છે અને એ જ ગ્લાસમાં એઠા હાથો પણ અંદર નાખી ધૂવે છે અને એથી પણ રોગો ફેલાય છે.

પરચુરણ મીઠાઈ વેચવાવાળાઓ અને ઘણીએ મીઠાઈની દુકાનોમાં ગોઠવેલી મીઠાઇઓમાં રસ્તામાં ઝાડુ કાઢતાં ઉડેલી અને બીજી રીતે ઉડતી મેલી ધૂળો ઉડીને લાગે છે, તેમજ જે મીઠાઈ બનાવે છે તેઓ પણ મેલા ગંદા તથા પસીના વગેરેથી ખરડાયેલ હાથોથી બનાવે છે અને વેચે છે. દુકાનાદિની આજુ-બાજુમાં પડેલો કચરો; વિષ્ટા, ભિની જગ્યા, પેસાબ વગેરે ઉપર બેઠેલી માખીઓના ઝુંડ પણ મીઠાઇ ઉપર આવી બેસે છે, મેં કેટલીએક હિન્દુ દુકાનોમાં ભજીયાં વગેરે ગરમ છે કે નહિ તે તપાસવા માટે તેમાં હાથ નાખતા હિન્દુ અને અહિન્દુ ભાઇઓને જોયા છે, ઘણા દુકાનદારો તેમ કરતાં તેને અટકાવતા પણ નથી. અહિન્દુના હાથનો પાણીનો છાંટો લેતાં અભડાઈ જનારા પણ તે બધું નજરે જોવા છતાં ત્યાંથી જ તે વસ્તુ લે છે.

રસોઈ કરનારા “મહારાજ” નામધારી રસોઈ-આઓ પણ આજકાલ કેટલા બધા મેલા, ગન્દી કુટેવવાળા, મેલાં લુગડાંવાળા અને ખાસ કરીને ચેપી રોગોથી ઘેરાયેલા હોય છે કે જેને જોતાં તેના હાથનું ખાવાનું ખાતાં પણ આપણને સુગ આવે, કેટલાક આળામાં કામ કરતા ઘાટીઓ પણ અનેક ઘરોનાં અનેક જાતિના લોકોનાં વાસણો માંજીને એકજ પાણીના પીપમાં ધોઇને થોડાક શુદ્ધ જલથી ધોઇને આપે છે જેમાં કોઇ કોઈવાર એઠવાડ અને ગંદા પાણી સુદ્ધાંની ગંધ મારતી હોય છે. એક ભટ્ટજી મહારાજ વારંવાર પાન સુરતી ખાઇને મોઢું લાલ ચટક રાખતા અને હોઠ તથા મોઢામાં પોતાની આંગળી ઘાલી દાંત સાફ કરી અને હાથ ખાવાપીવાની વસ્તુને લગાડતા અને બધાને તે પીરસતા અને ખાનારાને રોગના ભોગ બનાવતા હતા, કેટલાકને કાન, અને મોઢાં તથા દાંતનો કચરો કાઢવા માટે આંગળીઓ ઘાલવાની ટેવ હોય છે, અને કેટ-લાકને થુંકમાં આંગળી બોળી કાગળનાં પાનાં ઉથલાવવાની તથા દાંતથી નખ કાઢવાની ટેવ હોય છે અને એજ એઠા હાથે તેઓ ખાવાપીવાની વસ્તુને અડકે છે અને બીજાને પણ તે ચીજો આપે છે, આપણી મ્યુનિસીપાલીટી કે જે સ્વચ્છતા, આરોગ્યતા ફેલાવવાનો દાવો કરે છે તેણે ડોકટરી નિયમથી વિરૂદ્ધ સ્કૂલો વગેરેમાં એકજ પ્યાલા કરી દરેક જાતના છોકરાને મોંઢે અડકેલા અથવા ગમે તેવા રોગી ચેપ-વાળા છોકરાઓ મોઢામાં પ્યાલાની કોર નાખીને પીધેલા પ્યાલાથી બધી જાતના બાળકોને પાણી પીવાનું અને દૂર બેસતી કન્યાઓ અને મહેતીજીઓને રજ-સ્વલા અવસ્થામાં પણ એકજ પ્યાલે પાણી પાઈ ભ્રષ્ટવાડો ફેલાવવાનું અને અસ્પૃશ્યતા કાઢી સ્વચ્છતા (!) ફેલાવવાનું કામ કાયદાદ્વારા કરી રહી છે.

હિન્દુસ્તાનમાં આપણે લોટ ચાળીને નીકળેલું જે થુલું ફેંકી દઇએ છીએ તે જ કચરામાંથી વિલાયતમાં ગમે તે જાતનાં લોકો બીસ્કીટ બનાવે છે. જેને કહેવાતા આપણા સુધારકો હિન્દમાં હોંશથી ખાય છે. અંગ્રેજો આપણા દેશમાં આશરે બસો વર્ષથી આવ્યા છે છતાં તેમણે પોતાનો વેષ, ભૂષણ કે આહારાદિનો ત્યાગ કર્યો નથી, જ્યારે આપણે તેનુંજ અનુકરણ કરી ઉછીકા લીધેલા અંગ્રેજી આચારવિચા-રથી ભ્રષ્ટ થઈ રહ્યા છીએ. આપણામાંના કેટલાક ગંદા લોકોનાં મેલાપણાને લીધે સુગાઇને, સફેદ કપડાથી ઉપરથી સ્વચ્છ (!) દેખાતા બટલરના હાથનું કેટલાક સુધારકોનું (!) ખાવા પણ તૈયાર થાય છે, વાસ્તવિક રીતે ઉપરથી સ્વચ્છ દેખાતા તેઓ તથા તેમની રાંધણીઓ અંદરથી ઘણાં ગંદાં હોય છે. ઝાડે પીસાબે જઇને કેટલાક લોકો તો પૂરા હાથ પણ ધોતા નથી અને તે જ હાથે ખાનપાનનો વ્યવહાર કરતાં ઘણાને મેં જોયા છે.

હિન્દુશાસ્ત્રમાં આહાર અને આચારવિચાર ઉપર ખાસ નિયમો કર્યા છે, અને આચારને ઉત્તમ ધર્મ કહ્યો છે, કુદરતી નિયમ પણ એક એવો છે કે, “જેવું અન્ન તેવું મન”. આહારની શુદ્ધિથી બુદ્ધિ શુદ્ધ થઇને વિવેક વિચારમાં દૃઢ થાય છે, ખાધેલા ખોરાકનું સૂક્ષ્મ પરિણામ મન છે. અને જેવું મન

તેવો મનુષ્ય વ્યવહાર કરે છે. "જેવું અન્ન તેવો ઓડકાર", ગીતામાં સાત્વિક રાજસ, તામસ ભાવો દર્શાવીઃ વાસી, વિકૃત થયેલા દુર્ગન્ધવાળા, એઠા, અપવિત્ર અને ભાવદુષ્ટ અન્નના આહારને તામસ ભાવનો ઉત્પાદક કહ્યો છે, આપણા શાસ્ત્રમાં દર્શાવેલા આચારવિચાર અને આહાર વિહારમાં આપણે લોકો વિવેકશૂન્ય થયેલા હોવાથી અગાઉના કરતાં હાલમાં આપણામાં ક્ષય, સન્નિપાત, કોલેરા, સંગ્રહણી, અગ્નિમાન્દ્ય, જુદી જુદી જાતના તાવ અને રોગો અધિક પ્રમાણમાં વધતા જાય છે, ઉપરથી દેખાવડા જણાતાં છતાં પ્રતિદિન નિઃસત્વ, નિર્બલ, નિસ્તેજ, અસહિષ્ણુ, રોગી, કામી અને "કમતાકાત છતાં ગુસ્સા બહોત" ની સ્થિતિએ પહોંચતા જઇએ છીએ, તેનું કારણ શું? ખાદ્ય ખોરાકીની સામગ્રી અનેક જાતની ખરાબ વસ્તુઓની ભેળસેળ કરી વેચાઈ રહી છે અને એ આપણે ખાઈ પી રહ્યા છીએ, ઉપરથી આપણામાં આળસ વધ્યું, મન મેલું થયું, શરીર ઉજળું છતાં રોગગ્રસ્ત–રૂની પુણી જેવું, ફીકકું, ડોકટરની દવા ચાલુ જ હોય, બચ્ચાં પણ તેવાં જ નબળાં રોગી થાય, આ બધું આહારશુદ્ધિની ખામીનું પરિણામ છે. મા, બહેન, કે સ્ત્રી જે પ્રેમભાવથી રસોઈ કરશે અને જમાડશે તે ભાવથી કોઇ નોકર ખવડાવશે ખરો? મા, બહેન કે સ્ત્રી પોતાને માટે સારી વસ્તુ ન છૂપાવતાં પુત્ર, ભાઈ કે સ્વામિને પીરસી દેશે; પરન્તુ શું કોઈ રસોઇઓ એમ કરશે? તે તો પોતાની રોટલી અને ભાત દાળમાં બે ચમચા ઘી વધુ જ નાખશે, ઘરના ખોરાકમાં અરુચિ અને ચૌપાટી ઉપરના ગમે તેવા હલકા ખોરાકના ચટાકાના સ્વાદમાં પ્રીતિ; યથેચ્છાચાર આહારવિહારના મૂળ આદર્શ હિન્દુધર્મના આચાર વિચારનું અજ્ઞાન તથા મોટે ભાગે આજકાલની ભ્રષ્ટ શિક્ષાપ્રણાલી છે, નાની ઉંમરથી જ છોકરાછોકરીઓને સ્કુલમાં મોકલીએ છીએ, સવારે ઘરમાં ખાધું ન ખાધું ત્યાં ઝટ સ્કૂલમાં ભાગ્યા, ત્યાં આખો દિવસ રહેવું પડે છે બચપણ કે યુવાનીને લીધે ભૂખ પણ બહુ લાગે છે, છૂટી મળે છે, બહાર છોકરાંઓને લલચાવનારી ચાહ, ચેવડો, બિસ્કીટ, પીપરમેન્ટ, પુરી, પકોડી, કાંદાવાળો પંચ ભેળ, આઇસ્ક્રીમ, આઇસ્ક્રીમની કાંડી હલકી કોમના એ બંધુઓએ કે બીજી કોઈ કોમે નળના પાણીના કે પોતાના ગોળાના પાણીમાંથી બનાવેલાં શરબતો છાંટી આઇસના બનાવેલાં રમકડાંને બચ્ચાંઓ હોંસથી ખાય છે. પૈસા ન હોય તો ઉધાર લે છે. જેમની નાત જાતમાં જે ચીજ વસ્તુ ખાવાનો રિવાજ નથી, જો કોઇ ખાતાં દેખે તો પ્રાયશ્ચિત કરાવે અથવા નાત બહાર મૂકે તેવી જાતના બાળકો પ્રથમ તો આવી ચીજો ખાતાં અચકાય છે પરન્તુ બીજા છોકરાઓની સંગતની તેમને તરત જ અસર થાય છે પ્રથમ તે છોકરો ચોરી છૂપીથી ખાય છે, પછી ખુલ્લી રીતે ખાય છે, અને છેવટે હોટેલમાં જઇને અને ગમે તે જાતના માણસ જોડે એક ટેબલ ઉપર બેસી ખાય છે, મોટી ઉંમરે તેજ શિક્ષા પામી ખાવા પીવામાં છૂટ લીધેલ ભાઇ કે બહેન ગમે તે જાતના માણસોની હોટલમાં ખાતો પીતો થઈ જાય છે. તેને આપણે છેલ્લે છેલ્લે ઢેડ, ભંગી, ચમારની પંગતમાં બેસીને ખાતો પીતો જોઇએ પણ છીએ, હિન્દુ હોટલમાં ભોજન લેતાં શરમાતા તે ભાઇને ઇરાની, અંગ્રેજી કે બીજી અહિન્દુ જાતિની હોટલમાં પણ ખાતા પીતાં જોઇએ છીએ, પછી તો **नास्ति भ्रष्टे विचारः** ગમે તેવા મનુષ્યના હાથની પણ ગમે તે વસ્તુ ખાવા તૈયાર હોય છે. પછી દલીલ કરે છે કે, જો રોટી વ્યવહાર કરવામાં વાંધો નથી તો બેટી વ્યવહાર કરવામાં શું વાંધો છે? એમાં શું? એમાં શું? આમ કરતાં કરતાં તે મનુષ્ય ભ્રષ્ટ વિચારનો, રોટી, બેટી વ્યવહારનો અને જાતપાત તોડવાનો કટ્ટર હિમાયતી થઇ જાય છે અને **स्वयं नष्टःपरान्नाशयति न्याये** પોતાની વંઠેલ વટલેલની ન્યાતનો વાડો વધારવા તત્પર થઇ જૂના આચાર વિચારને વખોડવા ભાષણો ઝાડવા પણ તત્પર થાય છે અને કહે છે કે, હિન્દુસ્થાનમાં ખાનપાન અને જાત પરજાતના બખેડાને લીધે જ સ્વરાજ્ય મળતું નથી માટે જો બધા એક સાથે ખાતા પીતા અને પરણતા થઇ એકતા સાધે તો ઝટ સ્વરાજ્ય મળી જશે, ઇશ્વર તેવા ભ્રષ્ટાચાર અટકાવી સર્વને સદ્બુદ્ધિ આપે એ જ પ્રાર્થના છે.

શુષ્ક અધ્યાત્મવાદિઓના પ્રચારને પડકારતી એક ચાલુ લેખમાળા

# દ્રવ્યગુણપર્યાયનો રાસ:

પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ૦

શુષ્ક અધ્યાત્મવાદીઓ જે જણાવે છે કે, ધર્મક્રિયા એ આત્મોદ્ધારમાં લેશમાત્ર પણ સહાયક નથી; કેમકે અભવ્ય અને દુર્ભવ્ય બિચારા એ ક્રિયાઓને કરી-કરીને મરી ગયા; તોપણ હજી તેમનો નિસ્તાર થતો નથી. તો તેના જવાબમાં, અવિચ્છિન્ન, પ્રભાવશાળી પ્રભુશાસન ફરમાવે છે કે, આપવાદભૂત દૃષ્ટાંતને બાદ કરીને જે જે આત્માઓ તર્યા છે, તે બધા ધર્મ-ક્રિયાઓના પ્રતાપેજ તર્યા છે. ધ્યાનમાં રાખવું જોઇએ કે, ધર્મક્રિયા એજ શાસનની પ્રભાવના છે.

વીતરાગના શાસનમાંથી ધર્મક્રિયાઓને જો બાદ કરીએ તો શાસન એ કલેવર બની જાય અને આગળ વધીને ત્યાંસુધી પણ કહી શકાય કે, ચતુર્વિધ સંઘની વ્યવસ્થા પણ નષ્ટ ભ્રષ્ટ થઇ જાય. જેમકે દાન આપવાની ક્રિયા જો શ્રાવકો બંધ કરે તો સાધુઓને સંયમની આરાધના અશક્ય બની જાય અને ધર્માચાર્યો વાચનાદિ દેતા બંધ થઈ જાય તો સાધુઓના હસ્તમાં રજોહરણ રહી જાય, પણ સંયમના પરિણામ નષ્ટ થતાં વાર ન લાગે. શીલ પાળવાની ઉત્તમ ક્રિયા તેમજ ઉત્તમ કોટિનો તપ કરતા બધાજ બંધ થઈ જાય તો સદાચારી અને તપસ્વી મહાત્માનું દૃષ્ટાંત જગતમાં શોધ્યું ન મળે. જોકે, વીતરાગના શાસનની જ્યાંસુધી હૈયાતી છે, ત્યાંસુધી આવું કદી બન્યું નથી, બનવાનું નથી અને બનશે પણ નહિ. પણ ક્ષણભર માની લો કે, શુષ્ક અધ્યાત્મવાદીના મતને સારી દુનિયા સ્વીકારી લે તો પરિણામ એજ આવે કે, જગતમાં કોઈ દાનેશ્વરી, ઉત્તમ કોટિનો સદાચારી કે તપસ્વી આત્મા મળેજ નહિ. પછી આપણે જે બોલીએ છીએ કે, **बहुरत्ना वसुंधरा** તે બોલી શકાશે નહિ.

પ્ર૦ જો ધર્મક્રિયાને બાદ કરીએતો શાસન નષ્ટ ભ્રષ્ટ થઇ જાય તો અભવ્યો અને દુર્ભવ્યો ધર્મ-ક્રિયાના આધારે કેમ નથી તરતા?

ઉ૦ જગતમાં એક નિયમ છે કે, સારી વસ્તુનો પણ જો અનાડી માણસ યોગ્યરીતે ઉપયોગ ન કરે અને મરજીમાં આવે તેમ ઉપયોગ કરે તો, તે સારી પણ વસ્તુ લાભ કરવાને બદલે નુકશાન કરે છે પણ એથી જગતમાં એમ કહેવાતું નથી કે, સારી વસ્તુએ નુકશાન કર્યું. દાખલા તરીકે, ઘી એ શરીરને પુષ્ટિ આપે છે, એ જગપ્રસિદ્ધ વસ્તુ છે. પણ કોઈ મૂર્ખ એને સોવાર ફેંણીને ખાય અને મરી જાય તો પણ ઘીથી મરણ થાય એમ કહેવાતું નથી. ઘી ખાનારે સમજવું જોઇએ કે, ૧૦૦ વાર ફેણેલું ઘી એ ઝેર બની જાય છે અને એ રીતે ઝેર બનેલું પ્રાણનાશક બને છે; માટે ઘી એ ઝેર ન બની જાય એ કાળજી રાખવી જોઇએ. આ દૃષ્ટાંતમાં બહુજ વિવેકપૂર્વક આપણે વિચારશું તો જરૂર આપણને લાગશે કે, ઘી એ વસ્તુતઃ સામા માણસના પ્રાણ લીધા નથી. પણ ભાઈબંધની મૂર્ખાઇએજ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. એજરીતે ધર્મક્રિયાઓ તો જગતમાં સર્વોત્કૃષ્ટ અમૃત છે; પણ એજ અમૃતને જે પામરો સંસારના ઇરાદે આચરે છે, તે બિચારા પોતાની મૂર્ખાઇથીજ ઝેર બનાવી રહ્યા છે અને એથી એ બિચારા સંસાર-સાગરથી ન તરે એમાં ધર્મક્રિયાઓનો શું ગુન્હો? અભવ્ય અને દુર્ભવ્ય આત્માઓની આજ દશા છે. ઉત્તમ એવી ધર્મક્રિયારૂપ અમૃતને એ સંસારના કીડાઓ તુચ્છ એવા વિષયોના માટે આચરીને ઝેર રૂપ બનાવે છે અને એથી એમના આત્માનો નિસ્તાર થતો નથી. અહીં અભવ્યો કે દુર્ભવ્યો જે સંસાર સાગરને નથી તરતા તે ધર્મક્રિયાના પ્રતાપે એમ તો નહિજ કહેવાય, પણ પોતાની સંસારલાલસાના પ્રભાવે.

પ્ર૦ ધર્મક્રિયા એ આત્માના ગુણોથી વિજાતીય વસ્તુ હોવાથી આત્મગુણોને કઇ રીતે ઉત્પન્ન કરે?

ઉ૦ કાર્ય માત્રમાં ઉપાદાન અને નિમિત્ત બંને કારણો હોય છે. તેમાં ઉપાદાન કારણ એ કાર્યનું સજાતીય કારણ કહેવાય છે. જ્યારે નિમિત્ત કારણ એ કાર્યનું વિજાતીય કારણ પણ હોઈ શકે છે. એકલા ઉપાદાન કારણથી કાર્યની ઉત્પત્તિ માનનારા

નિમિત્તને પ્રાપ્ત કરવા જો ન ભટકતા હોય અને વગર નિમિત્ત કારણે જ કાર્યની ઉત્પત્તિ બતાવે તો તો આપણે જરૂર એમ કહી શકીએ કે, શાસ્ત્રાનુસારીણી ક્રિયા વગર પણ આત્મગુણો પ્રાપ્ત થઈ શકે. ધ્યાનમાં રાખવું જોઇએ કે, આત્મગુણોની પ્રાપ્તિમાં શાસ્ત્રાનુસારી પરિણામ એ ઉપાદાન કારણ છે. તેમજ શાસ્ત્રાનુસારીણી ધર્મક્રિયા એ નિમિત્ત કારણ છે. વ્યવહારમાં પણ આપણે જોઇએ છીએ કે, દીપક પ્રગટ કરવો હોય તો દીવી, દીવેલ, દીવેટ અને દીવાસળીની જરૂર પડે છે. આ ચાર વસ્તુ સિવાય દીપક પ્રગટ થઈ શકતો નથી. કોઈ મુર્ખ માણુસ દીવીને તોડી નાખે, દીવેલ ઢોળી નાખે, દીવેટને ધૂળમાં રગદોળી નાંખે અને દીવાસળીના ભુકકે ભુક્કા અને ચુરેચુરા કરી નાખે તો શું એ દીપક સળગાવી શકે ખરોકે? જગતમાં કોઇ માણુસ એમ કહેતો ફરે કે, જેને દીપક સળગાવવો હોય તેણે ફાનસ ફોડી નાખવું, દીવેટ અને દીવેલને ધૂળભેગાં કરવાં અને પછી દીપક સળગાવવો તો આપણે તેવા માણસને પાગલ જ કહીશું ને? પ્રસ્તુતમાં આત્મભાવ કે આત્મગુણો એ દીપક સમાન સ્વપર પ્રકાશક છે. અને શાસ્ત્રાનુસારીણી ધર્મક્રિયા એ દીવી, દીવાસળી આદિના સ્થાને છે. દીવાસળી આદિનો તિરસ્કાર કરનારો જેમ દીપક સળગાવી શકતો નથી; તેમ શાસ્ત્રાનુસારીણી ધર્મક્રિયાનો અનાદર કરનારો પણ આત્મભાવ કે કેવળજ્ઞાન સ્વરૂપ દીપકને પ્રગટ કરી શકતો નથી.

પ્ર૦ શાસ્ત્રાનુસારીણી ધર્મ ક્રિયા એ આત્મભાવ કે કેવળજ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરવામાં જો સહાયક છે તો મરૂદેવી માતા આદિને વગર ધર્મક્રિયાએ પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કેમ થઇ?

ઉ૦ મરૂદેવી માતા આદિના દૃષ્ટાંતો શાસ્ત્રે અપવાદ રૂપે અને અકસ્માત્ રૂપે જણાવ્યાં છે. એનું અવલંબન લઈ શાસ્ત્રાનુસારીણી ધર્મ ક્રિયાનું ખંડન કરનારા જિનમતનાં ઉચ્છેદક છે. દૃષ્ટાંત તરીકે એક માણુસ ઝાડે ફરવા બેઠો અને જમીન ખોદતાં ખોદતાં સોનાનો ચરૂ નીકળી પડયો તો શું એમ નિયમ બાંધી શકાય કે, જેને સોનાનો ચરૂ જોઈતો હોય તેણે ઝાડે ફરતાં ફરતાં જમીન ખોદવી. આવું બોલનારો કે સમજાવનારો જેમ સમજુ માણસોની દૃષ્ટિએ હાસ્યાસ્પદ બને છે તેમ મરૂદેવી માતા આદિનાં દૃષ્ટાંત આપી ધર્મ ક્રિયાનો ઉચ્છેદ કરનારા પણ શાસ્ત્રવેદીઓની આગળ ખરેખર હાસ્યાસ્પદ જ છે. જેમ કોઈ લંગડો માણુસ ચાલતી ગાડીએ ઉતરવા જતાં પડયો હોય અને એનો પગ પણ એજરીતે મુકાય કે, જેથી પગની નશ છૂટી જવાથી એનું લંગડાપણું ચાલ્યું જાય તો શું એમ સિદ્ધાંત બંધાય કે, જેટલા લંગડા હોય તેને સારા પગવાળા થવું હોય તો, ચાલતી ગાડીએ પડતું મુકવું? આવું કહેનારો એ બિચારા લંગડા માણસનો નાશ કરનારો છે. કારણ કે, પહેલાં બનેલો લંગડાનો બનાવ તે અકસ્માત્ બનાવ છે. તેજરીતે મરૂદેવી માતાનો બનેલો બનાવ એ અકસ્માત્ બનાવ છે માટે તેનું આલંબન લઇ નિષેધ કરનારા; ભદ્રિક જીવોના ભાવપ્રાણુના નાશક છે.

અહિં ધર્મક્રિયા કરનારા પૂણ્યવાન્ આત્માઓએ ધ્યાન રાખવું જોઇએ કે, શાસ્ત્રકથિત ધર્મ ક્રિયાઓ, આત્મસ્વરૂપ મુક્તિ કે કર્મક્ષયના ઇરાદે જ કરવાની છે પણ સંસારના કોઈપણ પૌદ્ગલિક પદાર્થના ઇરાદે કરવાની નથી. મુક્તિના ધ્યેયને આત્યંતિક રૂપે ભૂલી જઈ સંસાર માત્રના ઇરાદે ધર્મ ક્રિયા કરનારાઓ કોઈ કાળે ભવસાગરને તર્યા નથી; તરવાના નથી અને તરશે નહિ. જે ધર્મોપદેશકો સંસારના ઇરાદે પણ ધર્મ ક્રિયા થાય, એવું જોરશોરથી મુગ્ધ—અમુગ્ધ સર્વસાધારણ પ્રતિપાદન કરે છે, તે આત્માઓ સંસારમાં રહેલા અજ્ઞ જીવોના ભાવ પ્રાણુની કારમી કતલ કરનારાઓ છે. વિરૂદ્ધ ઇચ્છાથી ગમે તે ઇરાદે અને ગમે તેવી રીતે પણ ધર્મ ક્રિયા, ગમે તે માણુસ કરી શકે એવું સીદ્ધી કે આડકતરી રીતે પ્રતિપાદન કરનારા માટે ઉપાધ્યાયજી **યશોવિજયજી** મહારાજના શબ્દોમાં કહીએ તો, **જિનમતના ઉચ્છેદક છે.** જેમ એકલા પરિમાણ વાદનું નિરૂપણ કરીને ધર્મક્રિયાની સર્વથા અનુપાદેયતા બતાવનારા જિનમતના ઉચ્છેદક છે તેમ વિરૂદ્ધ ઇચ્છાથી ગમે તે ઇરાદે સર્વજન સાધારણ ધર્મક્રિયા કરવાનું પ્રતિપાદન કરનારા પણ જિનમતના અવશ્ય ઉચ્છેદક છે.

## ભસ્મનું યૌવન

શ્રી પન્નાલાલ જ. મશાલીઆ.

શિશુ નાગ વંશના ચંદ્ર સ્વરૂપ મહારાજા શ્રેણિક ગયા, વૈશાલીના મહાપરાક્રમી રાજા ચેટક ગયા, મૌર્યવંશના મુકુટમણી ચંદ્રગુપ્તાદિ પણ ગયા, શાસનના સમર્થ પુરુષસિંહો ભારતમાંથી અદ્રશ્ય થતાં પરદેશીઓ અને પરધર્મીઓનું જોર વધી રહ્યું છે. શાસન ઉપરના પ્રહારો વધતા જાય છે. ખરેખર ધર્મની અવનતિ બહુ ઝડપથી થતી જાય છે, વિકસેલું સહસ્ત્ર કમલ ઘણી ઝડપથી ચીમળાતું જાય છે.

સંપ્રતિઃ "મહારાજા ખારવેલ, આપની વાત સાચી છે. ગુસ્તાસ્પ અને સિકંદર પછી પણ યવનદેશના બીજા રાજાઓ હિંદને જીતી લેવા વલખાં મારી રહ્યા છે, સંસ્કાર ભૂમિ ભારતનું ધર્મ ધન હરી લેવાનાં પ્રયત્નો ચાલુ છે. પણ એમ ભારત ઉપર યવનોની વિજય પ્રાપ્તિ સ્હેલી નથી. દેશને ખુણે ખુણે સાચા ધર્મોપદેશકોને ફરતા રાખવામાં આવશે, અવસરે અનાર્ય પ્રદેશોમાં અને સમુદ્રના દૂરના દ્વીપોમાં પણ મહાવીરનો પવિત્ર સંદેશ વ્હેતો કરવામાં આવશે. વળી સંસ્કારની વૃદ્ધિને માટે ભારતની તસુ એ તસુ જમીન મંદિરોની પવિત્ર શ્રેણિથી રચી લેવામાં આવશે. રાજન! પરદેશીઓ સાતમા આસ્માને ચઢી બેઠા છે, એમનો મદ ઉતારવા હું ભારતની બહાર જઇશ, અને રોમ અને ગ્રીસનીએ પેલીપાર જઈ એમને પરાસ્ત કરીશ, એમનો ગર્વ ઉતારીશ."

વિક્રમાદિત્યઃ "રાજન! પરદેશીઓને જીતી આપે ભારતને નિર્ભય કીધું. તેમ પૃથ્વીને જિનમંદિરોની શ્રેણિથી અલંકૃત કરી. આપ ન હોત તો ચાલીશ ક્રોડની જૈન સંખ્યા આજે અર્ધી પણ ન હોત. ભારત દેવમંદિરોથી આટલું રમણીય પણ ન હોત, અને ધર્મના ઉપાશ્રય સ્થાનો વિના આપણી પ્રાચીન સંસ્કૃતિ ટકી પણ ન હોત. ભાવિપ્રજા આપના ઉપકારનો બદલો શી રીતે વાળશે?"

સંપ્રતિ રાજન! એ પ્રતાપ છે ભગવન્ આર્યસુહસ્તિનો, પણ સંભાળજે, ભૂતકાળમાં એ મંદિરો ઉપર ભારે આક્રમણો થશે. યવનો સિવાય હિંદમૈયાના સંતાનો પણ એ પવિત્ર મંદિરો ઉપર ઘા કરતાં ચૂકશે નહીં, કે એ દેવમૂતિઓનો નાશ કરતાં કંપશે નહીં, એના પત્થરોથી ઇતરમંદિરો અને મસ્જીદો રચાશે. એના ધનથી રાજ્યમહાલયોના પાયા નંખાશે, વિક્રમ! પણ દેશ અને ધર્મનાં રક્ષણનો જશ તો ત્હારેજ લલાટે લખાયો છે."

વિક્રમઃ—"આપના આશિર્વાદ હો, ધર્મની રક્ષાને માટે તો એક સિદ્ધસેનદિવાકર જ બસ છે. દેશની રક્ષાને માટે ક્ષત્રિયપુત્રોએ તલવાર હજુ મ્યાન બહાર જ રાખી છે. આપ નિશ્ચિત રહેશો, દેશ કે ધર્મને માટે લોહીનાં છેલ્લાં બિંદુસુધી હરગીઝ પાછા નહીં હઠીએ."

આમરાજાઃ—"રાજન! પણ બાલ્યકાળમાં રહેલો ભસ્મ આજે યૌવન પામી ચુકયો છે. આજે એ કુરગ્રહ ભારતના મધ્યાકાશે તપી, સંસારની ઘોર કાલિમા શાસનને માથે વરસાવી રહ્યો છે. કુમારિલ અને શંકર જેવા શૈવ—સાધુઓ ઉત્પન્ન કરી શાસનની ઉંડી ઘોર ખોદાવી રહ્યો છે. પૂર્વજોનાં બંધાવેલ દેવવિમાનો જેવાં મંદિરોને ઝડપથી શૈવ કે ઇતર મંદિરોમાં ફેરવાવી રહ્યો છે. જૈનોને તલવારની ધારથી વટલાવી, ન માને તો સંહારી, ભારતના પટ ઉપરથી જૈન સંસ્કૃતિનાં સોહામણાં ચિત્રો ભુંસાવી રહ્યો છે."

ખારવેલઃ—અને તમે હાથ જોડીને બેસી

રહ્યા છો ? દિનવદને જોઈ રહ્યા છો ?”

આમરાજાઃ–“ ના મહારાજ, પણ આ અધર્મ અને અન્યાયિ પ્રવૃતિમાં આપણાં જ કુલકલંક બંધુઓનો સાથ છે. આ સંહાર-લીલામાં સુધન્વાદિ ક્ષત્રિયરાજાઓનો પણ હાથ છે. બાકી મારા ધર્મનું અપમાન કરનાર નર-પિશાચોને જીવતા રહેંસી નાંખવા અમે તૈયાર છીએ, એ દૂરાચારીઓને અમે અમારા હાથ બતાવીશું. એમનાં આવા ઘોર નર હત્યાકાંડનો બદલો વાળીશું.”

વનરાજઃ–ગુર્જરેશ્વરે પણ હજુ કંકણ પહેર્યાં નથી. દુશ્મનોની ખબર લેવા અમે હર-હંમેશ ઉત્સુક છીએ. ઉજ્જન અને વિદર્ભના એ નરરાક્ષસ રાજવીઓની ખબર લેવા અમે તૈયાર છીએ. અમારા નિર્દોષ સહધર્મિ બંધુ-ઓની સામુદાયિક કતલ થઈ છે. એ જુલ્મકાંડનો બદલો લેવા અમારો આખો ગુજરાત દેશ ખળભળી રહ્યો છે. તીર્થનાશનું ઉગ્ર પ્રાયશ્ચિત આપવા અમારા બાહુઓ ચળવળી રહ્યા છે. યોગરાજ ! રણભ્યુગલ ફૂંકી યુદ્ધનો સાદ કર, સૈન્ય તૈયાર કર ! ધર્મયુદ્ધમાં જવા હું જાતે જ તૈયાર છું, જા, ચાંપાને ખબર આપ.

ખારવેલઃ–શાબાશ, ભારતના ક્ષત્રિઓ હજુ જાગતા છે. ધર્મ માટે પ્રાણની આહુતિ આપવા તૈયાર છે, પુત્રો ! ધર્મની જીવન જ્યોત અખંડ જલતી રાખો. ભસ્મની અસરથી શાસનને મુક્ત કરો.

કુમારપાલ–“ કલિંગપતિ, ધર્મની જ્યોતતો અખંડ જ રહેશે ગુજરાતની અંદરતો એની પ્રભા ખુબ જ ખીલી રહી છે. દેશમાંથી હિંસાને ઉખેડી, સમુદ્રનાં ઉંડાવારિમાં ડુબાવી દીધી છે, દિવસ ઉગે દેવવિમાનો જેવાં નવાં જિનમંદિરો સર્જાઇ રહ્યાં છે. દેશની તાકાત આગળ પર-દેશીઓ નમી રહ્યા છે. કલિકાલ સર્વજ્ઞનાં પ્રતાપેતો ગુજરાત દેવભૂમિ બન્યું છે.”

વિરધવળઃ–સાચી વાત છે, અમારા મંત્રી-ઓએ પણ આબુ ઉપર અઢળક લક્ષ્મીખર્ચી સુંદર જિનાલયો બાંધ્યાં છે. એમનો ધર્મપ્રેમ અદ્ભુત અને અલૌકિક છે, એમની વીરતા પણ અનન્ય છે, એમણે એકલે હાથે દિલ્હિપતિની ફોજને હરાવી પાછી કાઢી–દેશને ભયમુક્ત કીધો છે.”

ભીમદેવઃ–પરાક્રમ અને લક્ષ્મીદેવીની પ્રસ-ન્નતા તો જૈનોને જ વરી છે. વિમળશાહે આબુના રાજાને જીતી ત્યાં કેવાં મનોરમ્ય મંદિરો બાંધ્યાં છે ! શી ઉદારતા !”

ખારવેલઃ–“ ધન્ય, દેવી ગુર્જરી ધન્ય, ત્હારાં સંતાનોએ શાસનની ખરી સેવા બજાવી છે, શાસનના વિપદ્ ટાઈમે એની રક્ષા કરી છે. ધર્મને માટે પ્રાણનાં અણમોલ બલિ આપી, ભસ્મના યૌવનમદને ઉતારી નાંખ્યો છે, ભાર-તમાં ત્હારૂં નામ અમર કર્યું છે. બોલો જૈનશાસનની જય.

---

આપણી સંસ્કૃતિ મુજબ, આપણાં શાસ્ત્રો મુજબ સ્ત્રી અને પુરુષનાં કર્તવ્યો નિરાળાં છે. અને સૌએ પોતપોતાના કાર્યક્ષેત્રમાં જ રહી પરકાષ્ટાએ પહોંચવા પ્રયત્ન કરવો જોઇએ, એ સિદ્ધાંત ભૂલવો ન જોઇએ.

**સૌ. પુષ્પાવતી હીરાલાલ દેશાઇ**

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્યદેવશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

**મૂ**ર્ખાઓજ પોતાને બુદ્ધિમાન અને ગાંડાઓજ પોતાને ડાહ્યા તરીકે ઓળખે છે. જ્ઞાનીઓ તો કહે છે કે જે પોતાની જાતને ડાહ્યા કહે છે, તે લગભગ ગાંડા છે.

**મા**નવજીવન એ ધર્મની મોસમ છે, પણ ખાવા પીવા, મોજશોખ, ભોગવિલાસ માટે નથી. જ્યાંસુધી સંસારના સઘળા સંયોગો મારે માટે હિતકર છે એવો ઝાંખો ઝાંખો પણ ખ્યાલ હોય ત્યાંસુધી ધર્મની સાચી જીજ્ઞાસા થતી નથી.

**દા**ન એ લાંચ નથી. લાંચ માટે અપાયેલું દાન એ જૈનશાસનનું દાન નથી. દાન પણ છોડવા માટે છે. બધી ધર્મક્રિયાઓ પૌદ્‌ગલિક વાસનાઓ છોડવા માટે છે. દાન એ દાતાર મનાવવા માટે, ખ્યાતિ માટે હોય તો એ સાચો ધર્મ નથી.

**અ**હિંસા તો મનુષ્યને બહાદૂર બનાવે છે, શરીરથી પણ બેપરવા બનાવે. અહિંસક દુનિયાનો–પર વસ્તુનો ગુલામ નથી હોતો. એ આત્મા શ્રી જીનેશ્વર દેવના શાસનની ખાતર સર્વસ્વ દેતાં વાર ન કરે.

**શી**લરસિક રમણિઓ માટે પતિના વિયોગમાં તદ્દન સ્વચ્છન્દી આચારો સેવવા, એ ખરેજ શીલનું ખરે બપોરે બજારના મધ્ય ભાગમાં લીલામ કરવા બરાબર છે.

**કા**મના સાધનો અનુકૂળ નથી, માટે અગર જે કામના સાધનોને અનુકૂળ કરવાના ઇરાદે કરાતો ત્યાગ એ તો એકરીતિએ રાગના કરતાં ભયંકર છે.

**ખ**રેખર યથેચ્છ ફરનારી સ્ત્રીઓની પૂજા એજ નાશનો રાજમાર્ગ છે. જ્યારે દુનિયામાં સ્ત્રીઓ સ્વૈરિણી બને છે અને પુરૂષો સ્વતંત્રતાને નામે અંકુશહિન ને ઉચ્છૃંખલ બની જાય છે, ત્યારે ખરેજ દુનિયાનું આવી બને છે, એવી સ્ત્રીઓને, એવા પુરૂષો ખરેખર આ દુનિયા ઉપર ભારરૂપ અને શ્રાપરૂપ છે.

**ધ**ર્મમાંથી કજીઓ ત્યારેજ મટે કે, જ્યારે બધાજ એક મત થઈ જાય કે ધર્મ એ કરવા યોગ્યજ છે.

**જે** સુખ આપણે ઇચ્છીએ છીએ, તે સુખ સંસારના કોઈપણ પદાર્થોમાં નથી. એવી માન્યતા જ્યારે થશે ત્યારે આત્માના સુખને પ્રગટ કરી શકવાની લાયકાત આવશે.

**લ**ક્ષ્મીનો અર્થી, જ્યાં દરિદ્રતા દેખાતી હોય ત્યાંથી ભાગે છે તો આત્મલક્ષ્મીનો અર્થી વિષયોમાં ચકચુર બને એ કેમજ બને ?

**વ**ર્ષોથી પોતાની જાતને ધર્મી કહેવરાવે પણ વર્ષોથી રહેલા દોષોમાંથી એક પણ દોષને ઘટાડે નહિં તો તે ધર્મી કેમ કહેવાય ?

**જે**મ દુનિયામાં કિમતી વસ્તુ લેનારાઓ ઓછા હોય છે તેમ દુનિયાથી વિપરીત એવા ધર્મને માનનારા પણ ઘણાજ ઓછા હોય એમાં કશીજ નવાઈ નથી.

**ન**બળા ઉપર હથિયાર ચલાવનાર અને બળીઆ આગળ માથું નમાવનાર એ શું અહિંસક છે ? કહેવું પડશે કે, એ અહિંસક નથી. પણ તે કોઈ સામાન્યથી ન કળી શકાય તેવો કારમો હિંસક આત્મા છે.

**સા**ચાં પરિણામ અને પાકો વૈરાગ્ય હોય તો પડે જ કેમ ? એવી દલીલો કરનારથી ન મુંઝાઓ. પણ કહી દો કે, પામેલા પડી જાય તેમાં ન આપનારનો દોષ કે ન લેનારનો; કિંતુ લેનારના પૂર્વનાં અશુભ કર્મોનો જ દોષ છે.

'**શ્રી** જીનેશ્વર દેવને નાથ માનો અને ઘેર જઈને રાગમાં રક્ત બનીને મારો પૈસો અને મારી સ્ત્રી કરો.' એ દશામાં નાથ શી રીતે યોગક્ષેમ કરે ? નાથ તો ચોવીસે કલાક હૈયામાં રહેવા જોઈએ અને એમ થાય તો જ નાથ બની શકે અન્યથા નહિં જ.

## વૈજ્ઞાનિક યુગે સર્જેલું સીનેમા જગત, આર્યો માટે શ્રાપરૂપ છે.

# રૂપેરી પડદા ઉપર ધર્માત્માઓ ન શોભે !

શ્રી પંકજ

ફીલ્મ કંપનીઓ દ્વારા રૂપેરી પડદા ઉપર જૈન ધર્મની પવિત્ર વિભૂતિઓને આલેખવાના પ્રયત્નો થોડા વખતથી થતા આવ્યા છે. આ વસ્તુને વધુ દૃઢ કરવા માટે જણાવવામાં આવે છે કે, જૈન વિદ્વાનો, જૈન લેખકો, વિગેરેના સહકારથી આ પીકચરો તૈયાર થઈ રહ્યા છે. જાણવા પ્રમાણે શ્રીપાલકુમાર અને મયણા સુંદરી તથા ભરતચક્રવર્તી આ બન્ને ચિત્રપટો બહાર પડવાની તૈયારીની અણી પર હતાં.

---

ઉપકારીઓએ સંયમની કઠીનતા એટલા માટે બતાવી છે કે, મોક્ષસુખના અર્થીઓ એને સુખપૂર્વક પાળવા માટે દૃઢ અને સ્થિર બને, નીસરણીને કઠેડો એટલા માટે રાખવામાં આવે છે કે, નીસરણી સુખપૂર્વક ચઢાય, પણ ચડતાં ગભરાવવા માટે નહિં. તેમ 'સંયમની કઠીનતા સાવધ કરવા માટે છે પણ સંયમથી ગભરાવા માટે નથી.' એ વાત કદિ પણ ભૂલાવી જોઈએ નહિં.

શ્રી જૈનશાસનમાં ત્યાગ, વૈરાગ્ય અને સંયમ એ કોઈ નવી વસ્તુ નથી. અને મોક્ષનાં અર્થિને ત્યાગ, વૈરાગ્ય અને સંયમ વિના એક ક્ષણ પણ ચાલે તેમ નથી.

પ્રભુની આજ્ઞાના ઉંચામાં ઉંચા આદર્શને પામવા શક્તિ, સામગ્રી અને સાધન જ છે. મનુષ્યની પાસે છે તે બીજા કોઈ પાસે નથી માટે મનુષ્ય ધારે તો પ્રભુની આજ્ઞાના ઉંચામાં ઉંચા આદર્શને પહોંચી શકે છે.

જે આત્માઓ ધર્મની આરાધનામાં જ રક્ત રહે છે, તેઓ આ લોક અને પરલોક એમ ઉભય લોકને સુધારી પરીણામે અનંત સુખના ધામરૂપ સિદ્ધિપદને પામી શકે છે.

આજે જગતના સઘળાં પ્રાણીઓ ભોગની શોધ માટે અખંડ વ્યવસાય કરી રહ્યા છે; પરંતુ આત્મશક્તિ પ્રગટ કરવાના માર્ગને શોધવાને કોઈ જરા પણ વ્યવસાય કરતું નથી એ ખેદનો વિષય છે.

આ વિષયમાં જૈન સમાજમાં ભારે ખળભળાટ અને દુઃખની લાગણી પેદા થઇ છે એમ પેપરોમાં આવતા ઠરાવો ઉપરથી અને લોકસમૂહ સંઘર્ષણથી માલુમ પડે છે.

ફીલ્મ કમ્પનીઓની મદદમાં ઉભેલા કયા જૈન વિદ્વાનો અને જૈન લેખકો છે? એ ખાસ જણાવવવાની આવશ્યકતા છે. સાચો જૈન કોરી વિદ્વતાને, કોરી લેખન શૈલીને કદી પણ આવકારતો નથી. સાચી શ્રદ્ધાએ જેના હૃદયમાં સ્થાન લીધેલ છે તેવાજ વિદ્વાનને અને લેખકને સાચો જૈન આવકારવા તૈયાર હોય છે. વેશ્યાની ગમે તેટલી સુઘડતા પણ તે કુલવધુની માફક દૃષ્ટાન્તરૂપ બનતી નથી. જેના હૃદયમાં સાચી શ્રદ્ધાએ સ્થાન લીધેલ હોય તો તેના હૃદયમાં શમ-સંવેગ અને નિર્વેદનું જોર પ્રબલ હોય છે એનું રૂપેરી પડદા ઉપર આવતાં ચિત્રપટો જોવાનું દીલ હોતું નથી. એ તો નિરંતર ક્ષણે ક્ષણે પ્રગટ થતાં અને પલટાતાં પોતાની હૃદય રંગભુમિના ચિત્રો જોતો, વધુને વધુ શમ-સંવેગ અને નિર્વેદમાં ઝીલતો રહે છે. ક્ષણમાં એકની એક વ્યક્તિ પ્રત્યે રાગ અને બીજી જ ક્ષણે તેના પ્રત્યે દ્વેષ. ફરી તેના પ્રત્યે પ્રેમનું મોજું, પુનઃ એના પ્રત્યે ઉપેક્ષાભાવ. ક્ષણમાં એના રૂપથી આકર્ષાઈ એના તરફ ધસવાનું દીલ, બીજી જ પળે કંઇક ખ્યાલ આવતાં એને તિરસ્કારવાનું દીલ, આવું તો હૃદય રંગભુમિ ઉપર નિરંતર ચાલે છે. સાચો જૈન વિદ્વાન પોતાના હૃદય ઉપર પ્રગટ થતાં આ ચિત્રો જોઇને થાકી ગયો હોય તેને બીજું જોવાની ફુરસદ કે મન પણ હોતું નથી.

સાચો જૈન સંસારથી પરાંગમુખ કરતી અને મોક્ષ તરફ આકર્ષતી લેખન શૈલીને જ આવકારનાર હોય છે. એટલે ઉપરોક્ત જૈન વિદ્વાનોના તથા લેખકોના નામ બહાર આવે તો તે કોરા વિદ્વાનો અને લેખકો જ છે કે જૈન તત્ત્વના શ્રદ્ધાળુઓ છે એ જાણી શકાય.

આજે જૈન સમાજમાં ઘણાં વિદ્વાનો, ઘણાં લેખકો હોવા છતાં જેઓ શ્રદ્ધાથી ઘણા જ દૂર છે. જેના હૃદયમાં સૈદ્ધાન્તિક વિદ્વતાએ જરાએ શમ સંવેગ અને નિર્વેદ પેદા કરેલ હોય તેમ લાગતું નથી, એવી નામાવલી જૈન સમાજમાં નિશ્ચિત પ્રાયઃ થએલ છે. એમાંના જ આ વિદ્વાનો અને લેખકો હોવા જોઇએ. એના ઉપર આધાર રાખી જૈનોની અન્તર લાગણી દુભાવનારૂં કાર્ય કરવું એ ખરેજ ઉચિત દેખાતું નથી.

બીજું, કેટલાક વિદ્વાન મહાનુભાવો દ્વારા રૂપેરી ચિત્રપટ ઉપર ધાર્મીક મહાપુરૂષોના ચિત્રો આણવામાં ધર્મપ્રચારનો અમૂલો લાભ મનાઇ રહ્યો છે. ખરેજ આ એમની દીર્ઘદૃષ્ટિના વિચારની શુન્યતા જ સુચવે છે. આથી શું ધર્મપ્રચાર વધે છે? ના. ધર્મપ્રચારનાં સ્થાનો તો હજુએ ઘણાં વિદ્યમાન છે. વાસ્તવીક ધર્મના મર્મને સમજાવનારા મહાપુરૂષો વિદ્યમાન છે. કાંઇ ચિત્રો બતાવવાથી ધર્મનો પ્રચાર થતો નથી. ધર્મની ઝીણવટભરી વાતો ચિત્રપટો બતાવવાથી ખ્યાલમાં આવતી હશે? ઘણીવાર ગંદકીને દૂર કરવા માટે મ્યુનીસીપાલીટીઓએ ગંદકી વધવાથી થતી હાનીઓનાં ચિત્રો બતાવ્યાં એથી શું ગંદકી દૂર થઈ ગઇ એમ માનો છો? ધર્મ એટલે શું? ભોગસુખના ભોગવટાને નિરાશંસભાવે દેશવટો આપવાનો છે. સમતા મહાસાગરમાં ઝીલવાનું છે. દ્વેષવૃત્તિથી અને રાગવૃત્તિથી પર થવાનું છે એમાં કર્મલઘુતાનું મુખ્ય સ્થાન છે. આ બધુ શું ચિત્રપટોથી આત્મામાં પ્રગટ થશે એમ માનવું ખરેખર કચ્છના રણમાં જલ શોધવા બરોબર છે.

સીનેમા સ્ક્રીનપર ચિત્રપટો ઉતારવાથી ધર્મપ્રચાર વધતો હોત તો જીસસક્રાઇસ્ટનાં ચિત્રપટો ઉતારવાનું એ લોકો સામર્થ્ય ધરાવે છે છતાં પણ એ રીતિ અખત્યાર શામાટે નહિ કરાઇ હોય? અને લાખો અને ક્રોડોનાં ખર્ચ નીચે હૉસ્પીતાલો દ્વારા લોકોને આકર્ષણનીતિ અખત્યાર કરાઈ હશે? એ ખરેજ સમજુ માણસોએ વિચારવાની જરૂર છે.

સીનેમા સ્ક્રીનપર ધર્મચિત્રો ઉતારવાથી ધર્મનો પ્રચાર થાય છે એવી માન્યતા ધરાવનારાઓએ વિચારવું જરૂરી છે કે, મહમદ પયગમ્બર કે જીસસક્રાઇસ્ટ આદિનાં પીક્ચર ઉતરે છે? છતાં મોમેડનધર્મ અને ક્રીસ્ચીયન ધર્મનો ફેલાવો સૌ કરતાં વધારે છે જ્યારે રામ-કૃષ્ણ આદિ સીનેમા સ્ક્રીનપર આવવા છતાં તેમાં કૃત્રિમ અભિનયો ઇત્યાદિદ્વારા પરિણામે ઇતર-ધર્માનુયાયિ આગળ તે ઉપહાસ પાત્ર જ થાય છે. એમ શું નથી લાગતું? વિરાગમય કથાઓ ચોમેર રાગના વાતાવરણમાં કદીપણ વિરાગ પેદા કરે એ ખરેજ ગગનકુસુમવત્ છે. એમ મ્હારી દૃઢ માન્યતા છે. જ્ઞાનીઓ તો એવી વિરાગમય કથાઓ વાંચવા માટે, સાંભળવા માટે, તપ-જપ દ્વારા જેને ઇન્દ્રિયનિગ્રહ કર્યો હોય તેને જ લાયક ગણે છે. તો રૂપેરી પટપર આવનાર પાત્રો અને તેના જોવા આવનાર પ્રેક્ષકો કેટલા ઇન્દ્રિયદમન કરનારા હશે? એ સૌ કોઇ સમજી શકે તેમ છે. ખરેજ ધર્મકથાઓને ચિત્રપટ ઉપર લાવવાનો ઇરાદો ધર્મપ્રચારક મૂલક છે કે અર્થોત્પત્તિ મૂલક છે? ધર્મપ્રચારક મૂલક હોય તો જ્ઞાનીઓની દૃષ્ટિએ સાચો ધર્મપ્રચારક સુસાધુજ છે; કારણકે જે ધર્મમય પૂરેપુરો બને છે, તેજ અન્યને ધર્મ આપવા સમર્થ હોય છે. તો ધર્મપ્રચારના અતિઉમદા વિચારના ધરનારા તે વિદ્વાનો અને લેખકો શામાટે સુસાધુતાને સ્વીકારતા નથી? પણ ધર્મકથાઓને ચિત્રપટ ઉપર લાવવાનો ઇરાદો ધર્મપ્રચારક મૂલક નથી. પરંતુ હજુ સુધી ધર્મકથારસીક શ્રોતાના હૈયામાં રહેલા ધર્મકથા શ્રવણના પ્રેમને વિકૃતરીતે ધર્મકથાઓ ચિત્રપટ ઉપર લાવી નષ્ટપ્રાય કરવાનો ઇરાદો છે, એમાં જરાપણ શંકાનું સ્થાન નથી. કેટલાક રાગાન્ધ પ્રેક્ષકો જૈન કથાના વિરાગી યુવક યુવતીને જોઇને આવા વેવલા કયાંથી નીકળી પડયા છે, સાવ ધર્માન્ધ છે, આટલી સુરૂપા સુંદરી મળવા છતાંએ ભીખ માંગવા નીકળી પડયા છે, પ્રાયઃ નષ્ટ વિર્યજ હશે. આ જાતની અસદ્ કલ્પના અને ઉદ્‌ગારો સિવાય અન્ય ઉદ્‌ગારો એ રાગાન્ધો પાસેથી આપણને સાંભળવા મળવા મુશ્કેલ છે. શું પ્રેક્ષકો ત્યાં વિરાગ સાંભળવા કે શીખવા આવે છે? જો એમ હોય તો સંત તુકારામ આદિ ભક્તોની ફીલ્મોથી કેટલાક પ્રેક્ષકો સંત તુકારામ જેવા થઇ ગયા? જ્યારે ફીલ્મોથી અનેક જાતની બૂરી

# અભક્ષ્ય પદાર્થોના સેવનથી શરીર ઉપર થતી માઠી અસર; આ વાતને વૈજ્ઞાનિક આહારશાસ્ત્રીઓ પણ કબુલે છે.

## ભોજનનો પ્રભાવ:

પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મ૦

શ્રી જૈન શાસનના આદેશ અને ઉપદેશનો શક્તિ મુજબ અમલ કરનાર આત્મા રોગથી ઘેરાતો નથી એમ નહિ, પરંતુ માત્ર કર્મોદય-જન્ય રોગની પીડા જ એને સહેવી પડે છે. શક્તિ અને સૌંદર્ય માટે નવી નવી દવાઓનો ઉપભોગ કરવાથી ઉત્પન્ન થતા નવા નવા રોગોનો ભોગ તે કદી પણ થતો નથી. દવાઓનો ઉપભોગ નહિ કરવાની સાથે તેણે માન્ય રાખેલા શાસનના આદેશ મુજબ તે અભક્ષ્ય કે અનંતકાયનું પણ કદી ભોજન કરી શકતો નથી. શ્રી જૈનશાસને માનેલા અભક્ષ્ય કે અનંતકાય એ એવી જાતના પદાર્થો છે કે, તેનું ભોજન કરનાર આત્મા પૂર્વનો તીવ્ર પુણ્યોદય ન હોય તો ભાગ્યેજ આગંતુક રોગોનો ભોગ થતો બચી શકે. વાસી કે વિદળ, તુચ્છફળ કે અજાણ્યાં ફળ, ચલિતરસ કે બોળ અથાણાં, માંસ કે મદિરા, મધ કે માંખણ, બરફ કે કરા, બહુબીજ કે અનંતકાય, રાત્રિભોજન કે ભૂમિકંદ એ વિગેરેનું ભક્ષણ એ બધા રોગોનું ઘર છે, એની આજના વૈજ્ઞાનિક યુગમાં કોનાથી ના પાડી શકાય તેમ છે? તાજેતરમાંજ એક પ્રસિદ્ધ પત્રકાર પોતાના છાપામાં એક લેખ પ્રગટ કરીને જણાવે છે કે:—

"દુનિયાના મોટામાં મોટા રસાયણ શાસ્ત્રીઓ હાલમાં આપણા અદ્ભુત શરીરરૂપી મોટરમાં નંખાતા પેટ્રોલરૂપી ખોરાક માટે જાતજાતના પ્રયોગો કરી

---

વાસનાઓને આધીન બની રીબાતાઓના વર્ણનો થોડા વખત ઉપર વર્તમાન પત્રોમાં પ્રગટ થયાં હતાં તે જોવા ખાસ ભલામણ છે.

પૂર્વકાલમાં ધર્મકથાઓના નાટયપ્રસંગો થતા ન્હોતા. જે થયા એમાં કરનારાઓનો ઈરાદો પોતાને સંસારથી વિરક્ત થવાનો હતો. ફક્ત પોતાની પાછળ આજીવિકાનો સવાલ હતો તેને દૂર કરવા માટે જ ભરતચક્રવર્તિનો નાટય પ્રસંગ ઉજવાયો હતો. તેનું પરિણામ નાટયકારો ઉપર અને પ્રેક્ષકો ઉપર શું આવ્યું? એનો કદીપણ વિચાર નહિ કરનારા પૂર્વકાલના ક્વચીત બનેલ પ્રસંગોને પોતાની મનની ધારેલ ધારણાને ફલીભૂત કરવા ટાંકે તે ખરેજ એવા વિદ્વાનોના હૃદયમમાં ધર્મકથાનું રહસ્ય કેટલું ઉતર્યું હશે એ વાંચકોએજ વિચારવા જેવું છે.

ઉપરોક્ત સઘળું એ વાંચતાં-વિચારતાં અને મનન કરતાં સીનેમાસ્ક્રીન પર જૈન ધર્મના પવિત્ર મહાપુરૂષો ન ઉતારાય એ વધુ હિતાવહ લાગે છે. જેટલી નહિ કરવાની ભૂલો થાય છે, તેનું ફલ પ્રત્યક્ષરીતે અનુભવાય છે. આગમોનું પ્રકાશન થતાં, અયોગ્યના હાથમાં જતાં અનેક ઉલટાસુલટી અર્થો કરી આગમની કેટલીએ સુગંભીર બાબતોને જનતાની દૃષ્ટિએ હલકી પાડવા શું પ્રયત્નો નથી થયા? એથી એક ભૂલ થતાં બીજી પણ ભૂલો કરવા, થએલ ભૂલ દૃષ્ટાંતરૂપ બનાવી શકાય છે. આથી વિશેષ લખવું જરૂરી હાલના સંયોગમાં ધારતો નથી. આ વાંચી વિચારી, તેવા પ્રકારના ધર્મસંહારક વિચારોથી, પ્રયત્નોથી સૌકોઈ અટકે એજ એક અભિલાષા. ઈતિ શુભમ્.

**નોંધ:**– ખ્યાતિ પામેલા પત્રોએ પણ ધર્માત્માઓને કચકડાની પટી પર નહિ લાવવા ચિત્રનિર્માતાઓને ભલામણ કરી છે અને તેનાથી થતાં નુકશાનનું રેખાદર્શન દોર્યું છે. પૂર્વના ઉપકારી મહાપુરૂષોને રૂપેરી પડદા ઉપર નહિ લાવવાની તરફેણમાં ઉભા રહેલા અખબારોના અને વિદ્વાનોના અભિપ્રાયો આગામી અંકે રજુ કરવા ઘટતું કરીશું. **સં.**

અમુક ખાદ્યથી શરીરના અમૂક અવયવ અથવા અંગ ઉપર અમુક અસર થાય છે, અથવા અમુક ખોરાકની શરીર ઉપર અમુક પ્રકારની સારી-માઠી અસર થાય છે, વિગેરે બાબતો વિજ્ઞાનની મદદથી સાબિત કરી રહ્યા છે. જેમાંની છેલ્લી કેટલીક શોધો તો ઘણી જ અચંબો પમાડનારી છે.

તમને કદાચ આ વાત વાહીયાત લાગતી હશે, પરંતુ ઉપર્યુક્ત મન્તવ્યને સબળ ટેકો આપે એવા અનેક પુરાવા દરેક સમાજમાંથી મળી શકે છે. આપણે જે ખોરાક ખાઇએ છીએ તે લડાઇ જગાડે છે, રાષ્ટ્રના ભાવિ ઉપર ભારે અસર નિપજાવે છે અને આપણા શરીર, મન અને ધાર્મિક માન્યતા ઉપર સીધી અસર કરે છે. માનો યા ન માનો પરંતુ દુનિયાની મહત્વની બાબતો મોટે ભાગે ખોરાકના સત્ત્વ, રજ અને તમોગુણ ઉપર અવલંબે છે. ફ્રેંચ સામ્રાજ્યની પ્રગતિમાં પલટો થવાનું કારણ એ હતું કે, જ્યારે મગજને સમતોલ રાખી યોગ્ય દોરવણી કરવાની જરૂર હતી ત્યારે નેપોલિયને ડુંગળી ખાધી હતી. ડુંગળીની અસરને લીધે તેણે સૈન્યની દોરવણી કરવામાં ભારે ભૂલ કરી હતી અને પરિણામે લીપ્ઝીગની મહત્વની લડાઈમાં તેને હાર ખમવી પડી હતી.

આહાર શાસ્ત્રના અધ્યયનથી સમજાય છે કે, મનુષ્યને થતા વ્યાધિઓમાંથી સેંકડે નવાણું ટકા વ્યાધિઓ અયોગ્ય ખાનપાન અથવા હદ ઉપરાંત ખાવાથી થાય છે. બત્રીશ જાતનાં પકવાન અને તેત્રીસ જાતનાં શાકથી પીરસેલી શ્રીમન્ત લોકોની દબદબાવાળી પત્રાવલિમાં અજીરણ, સંધીવા, જલોદર, જ્વર અને બીજા રોગો ગુપ્ત રીતે છૂપાએલા હોય છે.

સ્પેનનો પાંચમો ચાર્લ્સ પથારીમાંથી ઉઠતાંની સાથે જ પાંચ વસ્તુનો નાસ્તો કરતો, બપોરે બાર વાગે ભારે ભોજન લેતો, સાંજે વીસ વસ્તુઓ સાથે જાતજાતના દારૂ ચઢાવતો અને મધ્યરાત્રિએ પાછો જમતો. આ પ્રકારનાં ખાનપાનથી પીસ્તાળીશ વર્ષની વયે તે તદ્દન અશક્ત થઈ ગયો હતો.

જગતનો મહાન પાપાત્મા નીરો બપોરથી અર્ધી રાત્રી સુધી જમ્યા જ કરતો, કેલીગ્યુલા (Caligula) એક જ વખતના વાળુ (evening dinner) માં સવાલાખ રૂપિયા ખર્ચતો અને સીઝરોનો અમલ તો અત્યાચારથી પૂર્ણ હતો. અકરાંતીયાપણું, મદ્યપાનાદિ વ્યસનો અને નિર્દયતા હંમેશાં સાથે જ વસે છે.-

આરોગ્યની દૃષ્ટિએ પણ માત્ર જીભને રાજી રાખવાને બદલે શરીરને પોષણ આપે એવા આહારના પદાર્થો જો વિચારપૂર્વક પસંદ કરવામાં આવે, તો મંદવાડનો નાશ થાય. એટલું જ નહિ પરંતુ દ્રવ્યનો, મહેનતનો અને ડોકટરની ફીનો બચાવ થાય."

**વિગેરે વિગેરે ઘણી વાતો આહારથી શરીર ઉપર નિપજતી અસર વિષે લખી છે. આપણે ત્યાં કહેવત છે કે ' આહાર તેવો ઓડકાર ' તેમ જર્મન આદિ દેશોમાં પણ તેવાજ પ્રકારની કહેવતો છે કે 'માણસ જેવું ખાય તેવું થાય' વિગેરે એ અનુભવનો કોઇપણ ઇન્કાર કરી શક્યું નથી. મનુષ્યને નિરોગી રાખવો હોય તો પણ જેમ અભક્ષ્ય ભક્ષણના ત્યાગની જરૂર છે. તેમ મનુષ્યને દયાળુ રાખવો હોય તો પણ તેનીજ જરૂર છે. છતાં તેનો અમલ જેટલો જૈન કુળોમાં થઇ રહ્યો છે, તેનો એક લક્ષાંશ પણ બીજાઓથી થતો નથી. એ અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ આજે એક બાળકથી માંડી વૃદ્ધ પર્યન્તના તમામ આત્માઓ સંસ્કારી જૈનકુળોમાં અતિશય કડકતાથી કોઇપણ જાતિના દબાણ, અભિમાન કે આડંબર વિના નૈસર્ગિક રીતિએ પાળી રહ્યા હોય છે. એ સત્યનો કોઇથી પણ નિષેધ થઇ શકે તેમ નથી.**

# નવાં પુસ્તકો અવલોકન

**જૈન માર્ગની પીછાનઃ** લેખક; પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પ્રકાશક શ્રી કેશરબાઈ જ્ઞાન ભંડાર; પાટણઃ પૃષ્ટ ૧૭૨; આખું પુસ્તક વાંચી જવા જેવું છે. સમજાવવાની શૈલિ ઘણી સુંદર અને રસપ્રદ છે. પુસ્તકની પાછળ પરિશ્રમ સારા પ્રમાણમાં ઉઠાવવામાં આવ્યો છે. પૂ. મહારાજશ્રીની કસાએલી કલમે પ્રતિમાપૂજન, આસ્તિકવાદનો આદર્શ, નાસ્તિકવાદનું નિરસન, જિનભક્તિ, દેવદર્શન, પ્રાર્થના વગેરે પુસ્તકો લખાએલાં છે. એકે એક પુસ્તક સંગ્રહ કરવા યોગ્ય છે.

**આધ્યાત્મિક વિવિધ સંગ્રહઃ લેખક;** પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ **પ્રકાશકઃ** શ્રી જૈન સામયિકશાળા વઢવાણ શહેર; જીવનને ઉપયોગી ઘણી વસ્તુઓનો સંગ્રહ છે. વર્તમાન વાતાવરણમાં આવાં પુસ્તકો ઘણાં ઉપયોગી છે. કિંમત ૦-૩-૦

**સ્થાપનાજી** તથા **આરાધનાઃ પ્રકાશકઃ** ઉપરની જ સંસ્થાઃ પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણની ટુંક સમજણ સાથે આત્મ પ્રગતિ ઇચ્છુકોને ભાવવા યોગ્ય ભાવનાનો ક્રમ સૂચવ્યો છે. કિંમત ૦-૨-૦

**અંતસમયની આરાધનાઃ પ્રકાશકઃ** ઉપરની સંસ્થાઃ મરણ સુધારવા કાજે આ પુસ્તક ઘણું ઉપયોગી છે. સિમંધર જિન વિનતી, પુન્ય પ્રકાશનું સ્તવન, પદ્માવતી આરાધના, ચાર શરણાં તેમજ ઉપયોગી અને બોધક કેટલાક ટૂંકા લેખો છે. કિંમત ૦-૫-૦

**રત્નજ્યોતિઃ લેખક અને પ્રકાશકઃ** શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ; શ્રી વર્ધમાન તપની ૧૦૦ મી ઓળી પૂરી કરવા ભાગ્યશાળી બનેલ સાધ્વી શ્રી તીર્થશ્રીજી મહારાજનું જીવનચરિત્ર આલેખવામાં આવ્યું છે. સાથે સાથે લેખકે વર્તમાન સુધારકશાહિ કેટલી ભયંકર છે તેનું આછું રેખાદર્શન દોર્યું છે. જીવન ચરિત્રો ઘણાં લખાયાં છે અને લેખાય છે, પણ આ પુસ્તક લેખકે તદ્દન નવી અને કોઇ જુદી જ શૈલિથી લખ્યું છે. વાંચકોને ઘણું જાણવા જેવું મળી રહે તેમ છે.

**શત્રુંજય દિગ્દર્શનઃ લેખક અને પ્રકાશકઃ** શ્રી ફુલચંદ હરીચંદ દોશી મહુવાકર; મોંઘવારીની સિતમ પરિસ્થિતિમાં પણ પ્રકાશકે શોભનિક બનાવવાનો બનતો પ્રયાસ કર્યો છે. શત્રુંજયને લગતા લગભગ દરેક ઐતિહાસિક ઘટનાઓનું આધુનિક શૈલીએ નિરૂપણ કર્યું છે. શત્રુંજય સમ્બંધિ જાણવા જોગ ઘણીખરી હકીકતો વાચકોને મળી રહેશે.

**પ્રાચીન સજ્ઝાય સંગ્રહઃ પ્રકાશકઃ** શ્રી જૈન સામયિક શાળા વઢવાણ શહેર; આ પુસ્તકમાં કેટલીક અતિ પ્રાચિન અને અપ્રગટ સજ્ઝાયો પણ છે. આપણા પૂર્વ મહાપુરુષોનું અદ્યાપિલગી કેટલુંય અપ્રગટ સાહિત્ય છે. તેની શોધ ખોળ કરી તૈયાર થઈ જાય તો જનતાને ઘણું ઉપયોગી થઈ પડે.

**સંગીત સ્રોતસ્વિનીઃ રચયિતા;** પૂ. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ, **પ્રકાશકઃ** શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા સુરતઃ ૧૦૧ પદ્યોનો સંગ્રહ છે. નાટકી ઢબનાં પણ ગાયનો છે. કિંમત ૦-૬-૦

'પોતપોતાના ધર્મ, ધર્મનાયકો કે ધર્મ સ્થાપકોનાં જીવનનો વધુ પ્રચાર થાય એ સહુ કોઈ તે તે ધર્મમાં માનનારાઓની ભાવના બેશક હોવી જોઈએ, પણ પોતાના તે તે પૂજ્ય પુરૂષોનાં જીવનનો ચાળો કરવા ઉભા થયેલા એ પગારદાર ફીલ્મીસ્ટારો જેનાં જીવનમાં પવિત્રતા, સંયમ, મર્યાદા કે સંસ્કારિતાનો છાંટો પણ નથી, આવાઓને આપણા એ પૂજ્ય મહા પુરૂષોનાં જીવનની સાથે અડપલાં કરવાની છૂટ આપણાથી આપણી શક્તિ હોય તો કેમ અપાય?'

'મહાપુરૂષોનાં જીવનની પ્રવૃત્તિઓનાં અડપલાં કે ચેનચાળા કરનારા અને સ્વચ્છંદી જીવન જીવનાર સ્ત્રી-પુરૂષોને યા તેમાંથી ધૂમ નફો ખાતી પગારદાર ફીલ્મ કંપનીઓને શું આપણાથી ઉત્તેજન આપી શકાય ખરૂં કે? એની

---

**આદિજિન પંચ કલ્યાણક પૂજા: રચયિતા:** પૂ. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ **પ્રકાશક:** ઉપરની જ સભા. જુના તેમજ નવા રાગોમાં પૂજાની ઢાળો ઉતારી છે. કિંમત ૦-૪-૦

**श्री जगत्कर्तृत्वमीमांसा प्रकरणम्: પ્રણેતા** પૂ. મુનિરાજશ્રી શિવાનન્દવિજયજી મહારાજ **પ્રકાશક:** જૈન ગ્રન્થ પ્રકાશક સભા, અમદાવાદ: આખું પુસ્તક સંસ્કૃતમાં છે. જગતકર્તા ઈશ્વર છે કે નહિ? તેનું યુક્તિપૂર્વક શબ્દાલેખન કરવામાં આવ્યું છે.

**સ્વર્ગીય સૂરિદેવ; લેખક;** પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ સાહેબનું જીવન ચરિત્ર સુંદર શૈલિમાં આલેખાયેલું છે. કલ્યાણના ગ્રાહકોને ભેટ અપાય છે.

સ્હામે ઠેરઠેર વિરોધ ઉભો કરી આરીતે આપણી પ્રામાણિક ધર્મવૃત્તિને આઘાત પહોંચાડનારાં ચિત્રપટો કેમ બંધ ન કરી શકાય? અહીં હકીકત એ છે કે, હિન્દુસમાજ આજે અરાજક જેવી દશા ભોગવે છે. ધર્મશ્રદ્ધા, ધાર્મિકતા કે ધર્મની સાચી વફાદારીને હિન્દુસમાજ દિવસે દિવસે ભુલતો જાય છે. આજ કારણે ભારતની ભવ્ય ભૂમિમાં ધાર્મિક નૈતિક અને સામાજિક દૃષ્ટિયે હિન્દુ સંસારે જે અધઃપતનનો અવળો રાહ સ્વીકાર્યો છે, જાણી જોઈને હિન્દુ સંસારની સાંસ્કારિક દૃષ્ટિને હિન્દુ સમાજે જે રીતે ગુમાવી દીધી છે, તે ન વર્ણવી શકાય તેટલી હદે દુઃખનો વિષય છે. ભાષા, વેષ, ખાનપાન, રીતરિવાજ વગેરેમાં ઘરનું ગુમાવી, પારકું ઘરમાં ઘાલનાર આ હિંદુ સમાજ જ છે, એમ આજનો રચાતો ઈતિહાસ બોલી રહ્યો છે.

ધાર્મિક બોલપટના નામે આજે હિન્દુસમાજના મહાન પૂજ્ય પુરૂષોની લાજ દુનિયાના વિલાસી અને નખરાંબાજ સ્ત્રી-પુરૂષો લૂટી રહ્યા છે. 'રામરાજ્ય' 'ભરત મીલાપ' 'શંકરપાર્વતી', 'દ્રૌપદી' આ અને આનાં જેવાં ચિત્રો ઉતારી રામ, કૃષ્ણ; શંકર કે પાર્વતી; સીતા કે દ્રૌપદી જેવાં હિન્દુ સમાજનાં પવિત્ર મહાન આત્માનાં નિર્મળ પાત્રોને નામે, વિલાસ અનાચાર, અનીતિમાં ગળાડૂબ ડૂબેલા નટ-નટીઓ કેવો સ્વાંગ ભજવે છે એ શું અજાણ્યું છે?

ધાર્મિકતાની પવિત્ર ભાવનાથી રંગાયેલા કોઈપણ સહૃદય વિચારકને મન આ બધું ક્ષમ્ય હોઈ શકે? પોતાનાં મા કે બાપનો વેશ ભજવનાર, ચાળો પાડનાર કે તેની હળવી નિર્દોષ મજાક કરનારને પણ કયો સુપુત સહી લે? અરે

પોતાની સ્રીની સ્હેજ વિનોદી મજાક કરનારની સ્હામે લાલઘૂમ આંખો કરી એનું વૈર વાળવા તૈયાર થનારો આજનો હિન્દુ સમાજ, પોતાના ધર્મનાયકોનાં પવિત્ર જીવનના ચેનચાળા, મજાક કે નગ્ન વિનોદ કરનારી–કરાવનારી ફીલ્મકંપનીઓને દરેકરીતે ઉત્તેજી રહ્યો છે! હિન્દુ સમાજની આ ભયંકર કમનસીબી છે.

મહાપુરૂષોનાં જીવનની પવિત્રતા એ આ રીતે, થીએટરોનાં સ્ટેજો પર નાચતી નારીઓ અને નખરાં કરતા પુરૂષો પાસેથી શીખી શકાતી હશે? શું આ બધું શીખવા ત્યાં જવાય છે કે આંખ, કાન, તેમજ મનનાં તોફાની નાચોથી પરવશ થઇને ત્યાં જવાય છે! સીનેમાના પડદા પર શું આદર્શ પુરૂષોના પવિત્ર ગુણો કે સંસ્કારો મેળવવા ત્યાં જવાઈ રહ્યું છે! નહિ, તદ્દન ખોટું છે. કુતૂહલ, આંખ, અને કાનની ચળ, અને તેના વિકારોને પોષવાને સારૂ મ્હોટા ભાગે ત્યાં જનારાં હોય છે અને આરીતે ધાર્મિક ઓલપટના નામે પોતાની અધાર્મિક પાપ વાસનાઓને ઢાંકવાનું પાપ હિન્દુ સમાજદ્વારા આજે છડેચોક પોષાઈ રહ્યું છે.

જૈન સમાજે, આથી સ્હમજી લેવાનું છે. તેણે પોતાના મહાન પવિત્ર ધર્મનાયકોનાં જીવનનો પ્રચાર કરવાના ખોટા બ્હાને તે પૂજ્ય, વંદનીય આત્માઓનાં પવિત્ર જીવનની સાથે અડપલાં કરનાર કે કરાવનારાઓની સ્હામે શક્તિમુજબ પ્રતિકાર કરવાનો રહે છે. એવો અવસર આવવાના દિવસો ગણાઈ રહ્યા છે. ધર્મપ્રચારના નામે જેને વાસ્તવિક ધર્મ કે ધર્મના સિદ્ધાન્તોની સાથે લેવા–દેવા નથી એવો એક વર્ગ કે જે આપણા સમાજમાં જીવે છે, તે આવા ચેપી રોગચાળાનો ભોગ બની આપણા પૂજ્ય મહાન આત્માઓને થીએટરના સ્ટેજ પર ફીલ્મી સ્ટારો દ્વારા નચવે નહિ તે માટે જાગતા રહેવું!'

જાગતા રહેજોની આ ચેતવણી અને ગતવર્ષના કલ્યાણમાં આજથી એક વર્ષ પર જૈન સમાજને કરી હતી. ગઈકાલે કેવળ સંભવિત જણાતી એ આગાહી આજે સાચી પડી છે. આજે એ બધું બની રહ્યું છે. શ્રી શ્રીપાલકુમાર, શ્રી ભરત અક્રવર્તી વગેરે સીનેચિત્રોદ્વારા જૈન ધર્મનો પ્રચાર કરવાનાં બ્હાને શાહ–મહેતાના નામની કોઈ ચિત્રનિર્માતા કંપનીએ આપણા સમાજની અરાજક દશાનો ગેરલાભ ઉઠાવી, તે મારફતે લાખો રૂપીયા કમાવવાનો વ્યવસાય હાથ ધર્યો છે. આ હાથીના દાંત જેવી લલચાવનારી દગાખોર પ્રવૃત્તિઓનાં ચક્રમાં સમાજ ન અટવાતાં સાવધ રહે એજ અમારે આ તકે કહેવાનું રહે છે.

'પ્રબુદ્ધ જૈન' માં ભાઇ પરમાણંદ, અને 'પ્રજાબંધુ' માં ભાઇ ચુનીલાલ શાહ જેવા ગમે તેવી વાતો કરી, સમાજની બુદ્ધિને, ધર્મશ્રદ્ધાને કે મહાપુરૂષો પરની સમાજની પૂજ્યબુદ્ધિને હસી કાઢે એથી શું? આ બધા ડાહ્યા ગણાતાઓને જેમ, પોતાના અંતર અવાજને માન આપવામાં ગર્વ છે, તેમ અમને અમારા પ્રામાણિક અંતર અવાજને કે ધાર્મિક વાણીસ્વાતંત્ર્યને ખૂલ્લીરીતે નિઃસંકોચપણે જનતા સમક્ષ રજુ કરી, માર્ગભૂલ્યા માનવોને મીશાલ ધરવાનો વ્યાજબી અધિકાર છે.

માટે ફરી ફરીને આજે અમે જૈન સમાજના એકેએક કાર્યકર્તાઓને પક્ષભેદ, વાડાભેદ કે સંપ્રદાયભેદના આગ્રહને ભૂલીને જાગતા રહેવાની હાકલ પાડી રહ્યા છીએ કે,

સમાજના એ શાણા આગેવાનો! જાગતા રહેજો!!!

# પાઠશાળા, પ્રભાવના અને લાઈબ્રેરી ઉપયોગી પ્રકાશનો

| | | | | | |
|---|---|---|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૩૫–૦–૦ | નિત્યનોંધ | ૧૦૦ ના | ૧૨–૦–૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ૧૦૦ ના | ૧૩૫–૦–૦ | સ્નાત્રપૂજા | ૧૦૦ ના | ૧૮–૦–૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૨૫–૦–૦ | રત્નાકરપચીસી | ૧૦૦ ના | ૧૫–૦–૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ | ૧ ના | ૩–૮–૦ | નેમનાથનો શ્લોકો | ૧૦૦ ના | ૧૨–૦–૦ |
| જીવવિચાર સાર્થ | ... ... | ૦–૯–૦ | નવસ્મરણ | ૧૦૦ ના | ૫૦–૦–૦ |
| નવતત્ત્વ સાર્થ | ... ... | ૧–૦–૦ | સ્તવકર્ણિકા (સ્તવનાવલી) | ૧૦૦ ના | ૨૫–૦–૦ |
| દંડકસંગ્રહણી સાર્થ | ... .... | ૧–૨–૦ | સુધારસ સ્તવનાવલી | ૧૦૦ ના | ૪૫–૦–૦ |
| અનુપૂર્વિ મોટી (જયપુર) | ... | ૨–૦–૦ | ગહુંલીસંગ્રહ | ૧૦૦ ના | ૨૦–૦–૦ |
| દર્શનચોવીસી (નાની) ... | ... | ૦-૧૦-૦ | દેવવંદનમાલા | ૧ ના | ૨–૦–૦ |
| કર્મગ્રંથ ભાગ ૨ ... | ... | ૨–૪–૦ | વિવિધપૂજા સંગ્રહ | ... ... | ૩-૧૨-૦ |
| સંવાદ સંગ્રહ ... | ... | ૦-૧૨-૦ | સિન્દુર પ્રકર ... | ... ... | ૦–૬–૦ |
| પંચ પ્રતિક્રમણ શાસ્ત્રી... | ... | ૧–૮–૦ | ગુર્જરસાહિત્ય ભાગ ૧ ... | ... | ૨–૪–૦ |
| સજ્ઝાયમાલા ... ... | ... | ૨–૦–૦ | ગુર્જરસાહિત્ય ભાગ ૨ ... | ... | ૧–૪–૦ |
| અભક્ષ્ય અનંતકાય ... | ... | ૧–૦–૦ | ચંદરાજાનો રાસ | ... ... | ૪–૦–૦ |
| શ્રમણ વંશવૃક્ષ ... | ... | ૦-૧૨-૦ | શ્રીપાળરાજાનો રાસ | ... ... | ૨-૧૨-૦ |
| આદિનાથ ચરિત્ર ... | ... | ૫–૮–૦ | ભામાશાહ ... | ... ... | ૨–૪–૦ |
| મહાવીરસ્વામી ચરિત્ર ... | ... | ૪–૦–૦ | સુકૃતસાગર ... | ... ... | ૧–૪–૦ |
| વાસુપૂજ્ય ચરિત્ર ... | ... | ૩–૮–૦ | સુરસુંદરી ... | ... ... | ૨–૪–૦ |
| ચંદ્રપ્રભુ ચરિત્ર ... | ... | ૨–૮–૦ | ગુણવર્મા ... | ... ... | ૦-૧૨-૦ |
| વિમળનાથ ચરિત્ર ... | ... | ૨–૮–૦ | તરંગવતી ... | ... ... | ૦-૧૨-૦ |
| પ્રભાવક ચરિત્ર ... | ... | ૩–૦–૦ | કીર્તિશાળી કોચર | ... ... | ૦-૧૨-૦ |
| દાનપ્રદીપ ... ... | ... | ૩–૮–૦ | કચ્છ—ગીરનારની યાત્રા ... | ... | ૧–૪–૦ |
| સામાયિકસૂત્ર | ૧૦૦ ના | ૧૨–૦–૦ | નવીન સ્તવન મંજરી ... | ... | ૦–૬–૦ |

**સાપડા, નવકારવાળીઓ, ફોટાઓ**
**અને સંસ્કારી ધાર્મિક પ્રકાશનો**
**માટે અમને પૂછો:—**

**સોમચંદ ડી. શાહ**
ઠે૦ જીવનનિવાસ સામે
**પાલીતાણા** (કાઠિઆવાડ).

# ' માનવ જન્મની મહેમાનીયત '

જનમ્યો તું મહેમાન, મનવા,
જનમ્યો તું મહેમાન.

મોહી માને મારૂં મારૂં,
મિલ્કત, મહેલ મકાન;
તારૂં તસુભર કાંઈ નથી અહીં,
જાશે એકીલો શ્મસાન....મનવા૦

બાલીશ બનીને બચપણ ખોયું,
આર્ય સંસ્કાર સોપાન;
અંધ બનીને ખોઈ તરૂણતા,
ભૂલી આતમ જ્ઞાન....મનવા૦

શિથિલ થઈ એ કાયા તારી,
તોયે ન આવ્યું ભાન;
આશા નદીમાં ડુબી ગયો તું,
પાપમાં રહી એક તાન....મનવા૦

ભ્રાન્ત સુખમાં ભમતો પીપાસુ,
ડગલે પગલે હાન,
અનુભવ તોપણ અવિરત દોડે,
વિષય વિષ હેવાન....મનવા૦

સંસાર શત્રંજની રંગભૂમિ પર,
કરતો નાટક ગાન;
મૃત્યુ મોસમ સમીપ આવતાં,
કુંકીશ કોના કાન?....મનવા૦

રામા રમા અને પુત્ર ભગિની,
અખિલ જશે ઓળખાણ;
એક દિવસ તું એવો જોશે,
જતું રહેશે અભિમાન....મનવા૦

સૌને છેતરવા જાલ બીછાવે,
મૂર્ખ બની અજ્ઞાન;
તું જકડાયો કર્મ જાળમાં,
થઈ રહ્યો છે હેરાન....મનવા૦

મહેમાનગિરિ એ મનુજન્મની,
અફર જશે હે અજાણ;
ધ્યેયસિદ્ધિનો માર્ગ શોધીલે,
કરી લે સુકૃત દાન....મનવા૦

કુડાં કર્મ અનીતિ છોડી દે,
સમજ સમજ મતિમાન;
જન્મ જગમાં કૃતાર્થ કહેવાશે,
ભક્તિશું ભજ ભગવાન....મનવા૦

' અજ્ઞેય '

## विचारवा जेवुं;

श्री चंद्र

રસાયણો વધ્યાં છે પણ આરોગ્ય વધ્યું નથી.
વસ્તિ વધી છે પણ આયુષ્ય વધ્યું નથી.
ન્યાય કોર્ટો વધી છે પણ ગુન્હા ઘટયા નથી.
યંત્રો વધ્યાં છે પણ બેકારી ઘટી નથી.
વાદો વધ્યા છે પણ તત્ત્વબોધ વધ્યો નથી.
ભણતર વધ્યું છે પણ ગણતર વધ્યું નથી.
સત્યની વાતો વધી છે પણ સત્ય વધ્યું નથી.
કિંકર વધ્યા છે પણ સેવક વધ્યા નથી.
અપકારી વધ્યા છે પણ ઉપકારી વધ્યા નથી.

# દ્વિઅર્થી પત્ર

વ્હાલા મિત્ર ! સં. ' શ્રી નેમ '

આજ દિવસ સુધીના તારી સાથેના સહવાસથી મને
×ઘણું જ નુકશાન વેઠવું પડયું છે, એટલું જ નહિ પણ
અત્યંત લાભદાયક અને મોક્ષના સાધનરૂપ સદ્‌ગુણો-
×નો સમૂળો નાશ થયો છે અને નરકમાં નાખનાર દૂર્ગુણો-
ની પ્રાપ્તિ થઇ છે. ત્હેં ખરેખર તારો મિત્ર ધર્મ બજાવ્યો
×નથી પણ એથી ઉલટો દુશ્મન તરીકેનો હાથ સાધ્યો
છે, આ સ્વાર્થમય દુનિયાની અંદર તારા જેવા હંમેશ સ્વાર્થ
×સાધક અને મતલબી મિત્રો ઘણા જ હશે, પરન્તુ સન્માર્ગ
ત્યાગી મિત્ર તો કોઇક જ હશે-ભાગ્યે જ હશે, હું ધારૂં છું કે તારી
×દુષ્ટ વૃત્તિઓની અભિલાષા પરિપૂર્ણ કરવા ખાતર જ
મારા ઉપર પ્રીતિ છે. પણ તે ખરેખરા અંતઃકરણની
×નથી, માત્ર બહારની જ છે. ત્હારા આવા વર્તનને ધીક્કાર
છે. આવા મિત્રો સાથે હું કાયમના માટે મિત્રતા રાખવા
×ચાહતો નથી. મારા આ છેલ્લા પત્રથી જ ત્હારો ત્યાગ કરવા
ઇચ્છુ છું. ત્હારા જેવા, સંકટ વખતે સર્વ પ્રકારે સહાય
×ન આપનાર પણ ઉલ્ટા ધૈર્ય તથા દુઃખ ઉપજાવી
આપનાર મિત્ર આ દુનિયામાં જવલ્લે જ હશે. તારા આવા
×દૂર્ગુણોને લીધે તું હજારવાર ધિઃકારને પાત્ર છે. તથા દુષ્ટ
કર્તવ્યોથી પરમ કૃપાળુ પરમાત્મા તને સદાને માટે
×નરકમાં નાખશે. ત્હારે કદી પણ એવું ધારવું નહિ કે, મને
સ્વર્ગમાં રાખશે.

**નોટ**—જો આ પત્રનું લખાણ સિધે-સીધું વાંચશો તો મિત્રના સહવાસથી ગેરલાભ થયો જણાવશે અને ચોકડીવાળી લીટીઓ મૂકીને સિધે સિધું વાંચશો તો એજ પત્ર લાભ થયો જણાવશે.

મુદ્રક : મહેતા અમરચંદ બેચરદાસ :શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ—પાલીતાણા.